**સુવિચાર**

કોઈપણ કાર્ય નથી હોતું નાનું કે નથી હોતું મોટું. જે કાર્યમાં સંકલ્પનું બળ અને મનનો સથવારો ભળે છે તે આપોઆપ મોટું બની જાય છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૬/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ જેઠ સુદ–૮ વર્ષ : ૧૫ અંક : ૧૫૬


## ઉનાળાનું વેકેશન પૂર્ણ થતાં નવા બાળકોનાં પ્રવેશ સાથે શૈક્ષણિક કાર્ય શરૂ

# સ્કૂલ ચલે હમ : અમરેલી જિલ્લાની શાળાઓમાં કલબલાટ શરૂ

દેશનું ભવિષ્ય જેમનાં હાથે નિર્માણ થવાનું છે તેવા આજના ભુલકાઓને શિક્ષણ મેળવતાં નિહાળવા એ પણ આનંદની ઘડી

વાલીઓ પણ તેમના વ્હાલસોયાને શાળામાં પ્રવેશ કરાવવા માટે થનગનતા જોવા મળી રહ્યા હતા

બાળકોએ આગળનાં વર્ગમાં પ્રવેશ કર્યો હોય સૌ કોઈ ખૂશ

શાળા સંચાલકોએ પણ બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ રાહતદરે મળે તે માટેની પુરતી વ્યવસ્થા કરવી પડશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આજે દોઢથી બે મહિનાનાંવેકેશનબાદપુનઃશૈક્ષણિકકાર્ય શરૂ થતાં દેશનું ભવિષ્ય જેને નિર્માણ કરવાનું છે તેવા આજનાં ભુલકાઓ સજીધજીને શાળામાં પગરણ માંડતા જોવા મળ્યા હતા અને બાળકોનાં વાલીઓમાં પણખૂશીનો માહોલ જોવા મળ્યોહતો.

અમરેલી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મોટી સંખ્યામાં નવાબાળકોએપ્રવેશકર્યોછે. તોઅનેક ભુલકાઓએ આગળનાં વર્ષમાં પ્રવેશ કરતાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

દેશનું ભવિષ્ય નિર્માણ કરવામાં જેનો સિંહફાળો છે તેવા શાળા સંચાલકોએ શિક્ષણ જેવા પવિત્ર વ્યવસાયનેધંધાદારીબનાવવાનેબદલે ગરીબઅનેમધ્યમવર્ગીયબાળકોનેશ્રેષ્ઠ શિક્ષણ રાહતદરે મળી રહે અને બાળકોનોસર્વાંગીવિકાસથાયતેમાટે


**અનુસંધાન પાના ૬ ઉપર**


### શાસકોએ શહેરને સુંદર અને રળીયામણુ બનાવવાનું હોય કે ગંદકી ફેલાવવાની

# બગસરામાં પાલિકાની બેદરકારીનાં લીધે ગટરનાં ગંધાતા પાણી જાહેર માર્ગ પર ફરી વળ્યા

### ગંગા જેવી પવિત્ર ગણાતી સાતલડી નદીને દુષિત કરવામાં આવતાં રોષ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૩

બગસરાગામનીગંગાજેવી પવિત્ર ગણાતી સાતલડી નદીને દૂષિત કરવાનું જાણે બીડું ઉઠાવ્યું હોય તેમ પાલિકા દ્વારા અવાર નવાર ગટરના દૂષિતપાણીનેનદીમાંઠાલવવામાંઆવી રહ્યુછે. પાલિકાનાસત્તાધીશોનેજાણેએક લક્ષ્યહોયતેમઆનદીનેગમેતેમકરીને દૂષિત કરવી તેવું લાગી રહયું છે. જયારે છેલ્લા બે વર્ષથી બગસરામાં પત્રકાર એકતા પરિષદ દ્વારા સાતલડી નદીને સફાઈ કરવામાંઆવીછે ત્યારે તંત્ર દ્વારા આ સફાઈ ઉપર મીંડું વળી દેતા હોય તેવું લાગી રહયું છે. બીજી બાજુ ભાવિકોને પોતાના ઈષ્ટદેવ એવા મહાદેવના મંદિરે જવામાંગટરનાવહેતાપાણીમાંથીપસાર થઈ જવું પડે છે જેના લીધે ભાવિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પાલિકા દ્વારા ગટરનાસફાઈનાઅભાવેછેલ્લાઘણા


**અનુસંધાન પાના ૬ ઉપર**




















### સિનીયર સિટીઝન પાર્ક, ટેકનીકલ કોલેજથી લઈને વરસડા ચોકડીની એકબાજુ અંધારપટ્ટ

# અમરેલી શહેરમાં ૨૦૦ ઉપરાંતની સ્ટ્રીટલાઈટ બંધ

**શહેરનાં જુદા-જુદા રહેણાંક વિસ્તારો, નાના-મોટા માર્ગો અને રાજમાર્ગોની લાઈટ પણ બંધ જોવા મળી રહી છે**

**પાલિકાની રોશની વિભાગની કામગીરી ગોકળ ગાયની ગતિએ ચાલતી જોવા મળી રહી છે**

**સ્ટ્રીટલાઈટ બંધ થાય તો મહિનાઓ સુધી પુનઃ શરૂ કરવામાં આવતી નથી**

**આધુનિક સાધનો હોવા છતાં પણ સ્ટ્રીટ લાઈટનો ઝગમગાટ ઉભો થતો નથી**

અમરેલી, તા. ૧૩

અમરેલી પાલિકાની રોશની વિભાગની નિષ્ક્રીયતા અને અણઆવડતનાં કારણે શહેરમાં આજે ૨૦૦ ઉપરાંતની સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળી રહી છે. અનેક વખત રજૂઆત છતાં પણ શહેરની તમામ સ્ટ્રીટલાઈટ શરૂ તેવી કામગીરી થતી નથી.

શહેરનાં હાર્દસમા ચિતલ રોડ ઉપર સરકીટ હાઉસથી લઈને નૂતન હાઈસ્કૂલનાં કોર્નર, દત્ત મંદિરથી લઈને નાયરા પેટ્રોલપંપ સુધીનાં બ્યુટીફિકેશનની મોટાભાગની લાઈટ બંધ છે. તો જયાં રાત્રિનાં સમયે શહેરીજનો મોટી સંખ્યામાં આવે છે તેવા સિનિયર સિટીઝન પાર્કની પણ ૫ થી ૭ લાઈટ બંધ છે.

તદુઉપરાંત વરસડા રોડ ઉપર ટેકનીકલ કોલેજથી શરૂ કરીને વિદ્યાસભા સંકુલ સુધીની એકબાજુની લાઈન ઘણા મહિનાઓથી બંધ જોવા મળે છે. તો આગળ એસ.ટી. ડીવીઝનની સામેની સાઈડથી લઈને વરસડા ચોકડી સુધીની લાઈટ પણ બંધ છે.

તદુઉપરાંત એસ.ટી. ડેપોથી વાયા ગોપી ટોકીઝ અને ત્યાંથી કોલેજ સર્કલ સુધીની સ્ટ્રીટલાઈટ પણ બંધ જોવા મળી રહી છે.

શહેરનાં જુદા–જુદા રહેણાંક વિસ્તારો, નાની–મોટી ગલીઓ ઉપરાંત જાહેર માર્ગો ઉપરની પણ સેંકડો લાઈટ બંધ હોય રોશની વિભાગનાં ચેરમેન અને તમામ કર્મચારીઓએ શહેરની તમામ સ્ટ્રીટલાઈટ શરૂ કરવા ખાસ અભિયાન શરૂ કરવું જરૂરી બન્યું છે.

---

### કુહાડી અને તલવાર વડે બઘડાટી

## સાવરકુંડલા : વીજપડી ગામે યુવતી ભગાડી જવા બાબતે માથાકૂટ

**પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે રહેતા હરેશભાઈ બાબુભાઈ વાળા નામનાં ૩૫ વર્ષિય યુવકના કુટુંબી કાકાની દિકરી તેજ ગામે રહેતા જીણાભાઈ ગોરખભાઈ પરમારના દિકરા ગૌતમ સાથે ભાગી ગયેલ હોય અને યુવક તથા તેના કુટુંબી સામાવાળાઓ સાથે બોલતા ન હોવા છતાં આરોપી ગૌતમે અનિલભાઈ પ્રેમજીભાઈ વાળાને મોબાઈલમાં મેસેજ કરેલ. જે બાબતે ગૌરીબેન આરોપીઓને ઠપકો આપવા ગયેલ. ત્યાં આરોપીઓએ સંજયભાઈ પ્રેમજીભાઈને માથામા કુહાડી તથા સાંથળમાં તલાવારનો ઘા મારેલ. યુવક છોડાવવા જતા આરોપીએ માથામાં કુહાડીનો ઘા મારી તથા ભાવેશભાઈ પ્રેમજીભાઈ વાળાને આરોપીએ કુહાડીનો ઘા મારેલ હોય અને આરોપીને ભેગા થયેલ માણસો તેના ઘરમાં લઈ ગયેલ હોય. તે દરમ્યાન આરોપી પ્રેમજીભાઈ મંગાભાઈ પરમાર પાછળ થી આવી ગૌરીબેન ભીખાભાઈ વાળાને માથામાં કુહાડી મારી યુવક તથા સંજયભાઈને માથાના ભાગે ગંભીર ઈજા કરી તથા અન્યને પણ માથાના ભાગે ઈજા કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પાંચ આરોપી સામે ફરિયાદ નોંધાઈ છે.

---

### મહાકાય વાહનોની અવરજવર હોવાથી માર્ગો તુટયા

## અમરેલીનાં ધરમનગરમાં બિસ્માર માર્ગોને લઈને સ્થાનિકોમાં નારાજગીનો માહોલ ઉભો થયો

**પાલિકાનાં શાસકોએ ચોમાસા પહેલા માર્ગનું કામ કરવું જરૂરી**





અમરેલી, તા. ૧૩

અમરેલીનાં વરસડા માર્ગ ઉપર આવેલ ધરમનગરમાં ચાલતાં બાંધકામોનાં લીધે મહાકાય વાહનોની સતત અવરજવર હોવાથી મુખ્ય માર્ગમાં બબ્બે ફૂટનાં ખાડા પડી જવાથી સ્થાનિકોમાં નારાજગીનો માહોલ ઉભો થયો છે.

ધરમનગરનાં રહેવાસીઓએ પાલિકાનાં શાસકો સમક્ષ રજૂઆત કરતાં ચોમાસા પહેલા અને હવે ચોમાસા બાદ માર્ગ બનાવાશે તેવું કહેતા સ્થાનિકોની માંગ છે કે ચોમાસા પહેલા માર્ગ ન બને તો ભારે પરેશાની ઉભી થવાની સાથે અકસ્માતની પણ શકયતા દર્શાવી હોય પાલિકાનાં શાસકોએ સ્થાનિકોની વ્યાજબી માંગને ગંભીરતાથી લઈને સમસ્યાનું નિરાકરણ કરવું જોઈએ.

---

### ઈદના તહેવારના અનુસંધાને

## વડિયા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક મળી

**ઈન્ચાર્જ પીએસઆઈ ડાંગર દ્વારા શાંતિ જાળવવા અપાઈ સુચના**





વડિયા, તા. ૧૩

બિન સાંપ્રદાયિક ભારત દેશમાં વિવિધ ધર્મના લોકો વસવાટ કરે છે અને કોમી એકતા સાથે પોતાના તહેવારની ઉજવણી કરે છે આવનાર ૧૭મી જૂન ના રોજ મુસ્લિમ ધર્મના બકરી ઈદ ના તહેવારના અનુસંધાને વડિયા પોલીસ સ્ટેશન ખાતે ઈન્ચાર્જ પીએસઆઈ ડાંગર ના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની મિટિંગ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમા બકરીઈદ ના તહેવાર ની શાંતિ થી ઉજવણી થાય અને કોઈ અનિચ્છનીય ઘટના ના બને અને કાયદો અને વ્યવસ્થાનુ ચુસ્ત પાલન થાય તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ તકે પીએસઆઈ ડાંગર દ્વાર મુસ્લિમ સમાજના નમાજ ના સ્થળની પણ મુલાકાત લેવામાં આવી હતી અને જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. આ મિટિંગ માં વડિયાના હિન્દૂ મુસ્લિમ સમાજ ના અગ્રણીઓ જોડાયા હતા અને સુલેહ શાંતિ સાથે તહેવારની ઉજવણી કરવાનુ અગ્રણીઓએ પણ જણાવ્યું હતુ.

---

## બાબરા : તા. ૨૬ જૂને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૧૩

બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે આગામી તા.૨૬ જૂન, ૨૦૨૪ના રોજ બાબરા તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે. તાલુકા કક્ષાના પ્રશ્નો અને ફરિયાદો તા.૧૫ જૂન, ૨૦૨૪ સુધીમાં તાલુકા મથકે, બાબરા તાલુકા મામલતદાર, બાબરા તાલુકા કચેરી, બાબરા જિ.અમરેલી ખાતે પહોંચતા કરવા. અરજીના મથાળે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અવશ્ય લખવાનું રહેશે. સામૂહિક કે નીતિ વિષયક સિવાયના પ્રશ્નો રજૂ કરવા, તેમ બાબરા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યુ છે.

---

## રાવલ પરિવારના મોભી વસંતભાઈ રાવલનું દુ:ખદ અવસાન

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લા પંચાયતનાં નિવૃત કર્માચારી વસંતભાઈ રાવલ (ઉ.વ.૮૬) નું દુ:ખદ અવસાન થયેલ છે. તેઓ તેમની સર્વિસ દરમિયાન ઘણા નાના અને ગરીબ જ્ઞાતિનો બાદ રાખ્યા વગર અનેક લોકોના કામ કરેલ છે. તદ ઉપરાંત ઔદિરય બ્રહ્મસમાજની વાડીમાં તેમજ અન્ય ધાર્મિક સ્થળોમાં તેમનો ઘણો સહયગ રહેલ છે. જેઓ વિરલભાઈ રાવલ, માયાબેન (જુનાગઢ), અલ્પાબેન (અમેરિકા)ના પિતાશ્રી તથા દિપુબેનના સસરા તેમજ અરવિંદભાઈ પી. જાની (મનીદાદા)ના મામા તથા સેવાભારતી હોસ્પિટલ ડો. વી.પી.



રાવલલનાં કાકા અને રાવલ પરિવારને કલ્પાંતમાં મુકીને ગયેલ છે. ત્યારે શ્રી વસંતભાઈ રાવલના આત્માને નાગનાથ દાદા શાંતિ આપે તેવી પ્રાર્થના. તેઓનું બેસણુ સાંજે ૪થી૬ કલાકે સંઘવી ધર્મશાળામાં રાખેલ છે.

---

### પીજીવીસીએલના અધિકારીઓ સક્રિય બને

## દામનગર ખાતે અજમેરા શોપિંગ સેન્ટરનાં ખુણાનાં જોખમી વીજપોલને સુરક્ષિત કરો

**સ્થાનિક કચેરીમાં થયેલ રજૂઆત નિષ્ફળ**

દામનગર, તા. ૧૩

દામનગર શહેરના સતત શહેરીજનોથી ધમધમતા અજમેરા શોપિંગસેન્ટરના ખુણે જોખમી વીજપોલ ફાઉન્ડેશનમાંથી ચડી ગયેલ લોખંડ વીજપોલ વરસાદ પહેલા દૂર કરી રાહદારીઓને ભયમુકત કરો પીજીવીસીએલની કચેરીમાં અનેક રજૂઆતો પછી મહિનાઓ સુધી ફરિયાદોનો ઉકેલ નહિ આવતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. છભાડીયા રોડ બહારપરા પોપટપરા પીડાતા ગ્રાહકોનાં વીજ ઉપકરણો કામ આપતા નથી. યુનીટનાં પુરા ભાવ ભરતા ગ્રાહકોને પુરતો વીજપુરવઠો નહિ



મળવાની લેખિત ફરિયાદ છતા પીજીવીસીએલના ડેપ્યુટી ઈજનેરે સર્વે કરી લોવોલ્ટની સમસ્યા ઉકેલવી જોઈએ. વરસાદ પહેલા જોખમી વાયર પોલ દૂર કરવા જોઈએ. શહેરના સતત સહદારીઓની ચહલ પહલ ધરાવતા લુહાર શેરી અજમેરા શોપીંગના ખુણે આવેલ જોખમી વીજપોલનુ ફાઉન્ડેશન ભરી સલામતીના પગલા લેવા જરૂરી.

---

# અમરેલીનાં કલેકટરને આ.હિ.પ. દ્વારા આંતકવાદનાં વિરોધમાં આવેદનપત્ર પાઠવાયું









આજરોજ આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા જિલ્લા કલેકટરને એક આવેદનપત્ર આપવામાં આવેલુ. જેમાં તાજેતરમાં જમ્મુ કશ્મીરમાં વૈષ્ણદેવીના દર્શન જથી હિન્દુ શ્રધ્ધાળુ ભકતોને બસ ઉપર વિધર્મી ત્રાસવાદી ફરાર થઈ ગયેલા તો આજે સમગ્ર હિન્દુઓની એક જ માંગ છે કે આવા વિધર્મી ત્રાસવાદીઓ ફકત હિન્દુ ધર્મ પ્રેમી અને હિન્દુ પરિષદના સ્થાપક ડોકટર પ્રવીણભાઈ તોગડીયાના આદેશ અનુસાર દરેક જિલ્લાઓમાં કલેકટર આવેદન પાઠેવેલુ. જેમાં સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરા અમરેલી જિલ્લાના અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી વિભાગ અધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી, રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ ળામટા જિલ્લા કાર્યકારી અધ્યક્ષ મજબૂત સિંહ બસીયા કેસરી હિન્દી સેના અધ્યક્ષ હસુભાઈ દુધાત,ભરતભાઈ કાનાણી, રાષ્ટ્રીય કિસાન પરિષદ જિલ્લા મંત્રસ દિલીપભાઈ દેસાઈ,બજરંગદળ,જિલ્લા મંત્રી વિપુલભાઈ ગજેરા, ઉદયભાઈ રાજપુત, છાત્ર પરિષદ જીતુભાઈ કાબરીયા, કેતનભાઈ ઉકાણી તેમજ બબુલભાઈ, જગદીશભાઈ, વિપુલભાઈ સોલંકી, ભરતભાઈ કાનાણી અને નાગદેવતા મંદિર મહંત પૂજય હાર્દિક ગીરીબાપુ બધા સાથે મળીને કલેકટર હવે પછીના દિવસોમાં આવા બનાવ ન બને તેના માટે આવેદનપત્ર પાઠવેલ.

## જિલ્લાનાં નાના ખેડૂતોની અને ખેતીને લગત સમસ્યા દૂર કરવાનો નિર્ણય

# ખેડૂતો અને ખેતીનાં વિકાસ માટે ખેડૂત પુત્ર દિલીપ સંઘાણીની બેઠક યોજાઈ

### ખેડૂત પુત્ર ખેતી કરતો થાય તે માટે જે કોઈ પ્રોત્સાહન આપવાનું થશે તે કરવામાં આવશે

### કૃષિ આધારિત અમરેલી જિલ્લાનો વિકાસ કૃષિનાં વિકાસ સાથે જોડાયેલ છે

### જિલ્લાનાં ખેતીવાડી અને બાગાયત વિભાગનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા

### અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા તેમજ ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૧૩

કૃષિ આધારિત અમરેલી જિલ્લાના ખેડૂતો અને ખેતીના વિકાસમાં આમુલ પરિવર્તન અને ખેત ઉત્પાદન માટે વિવિધ પ્રયોગાત્મક અભિગમ આધારિત જિલ્લાના ગામડાઓ અમરેલી, ગુજરાત અને હિન્દુસ્તાનનો આત્મા છે. ખેતી અને ખેડૂતોના સર્વાંગી વિકાસ અને યુવા પેઢી બેરોજગારીમાં પિસાય તેના કરતા બાપ દાદાની જમીનમાં આધુનિક ખેત પધ્ધતિ કરતો થાય તે માટે અમરેલી જિલ્લામાંથી કૃષિ અને ગ્રામીણ વિકાસ પરિષદનાં માધ્યમથી કામગીરી થશે તેમ ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું.

અમરેલી જિલ્લામાં ટૂંકી જમીન ધરાવતા અને નાના ખેડૂત આજે પોતાની જાતે ખેતી કરે છે. આવા નાના ખેડૂતોને ખેતીમાં નિયમિત આવક થાય તે માટે જિલ્લાનાં હવામાન પિયત



વ્યવસ્થા અને જમીનની સ્થિતિ પ્રમાણે અલગ અલગ વાવેતરમાં પ્રોત્સાહન, માર્ગદર્શન પ્રોસેસીંગ અને ખરીદી જેવી બાબતોમાં માર્ગદર્શન આપી વાવેતરથી ખરીદી સુધીનું નાના ખેડૂતોને માર્કેટ અને પુરતા ભાવો મળે એ દિશામાં આગામી સમયમાં કામ કરવામાં આવશે. નાના ખેડૂતો ખેતીને ઉદ્યોગના દરજ્જો વૈજ્ઞાનિક અભિગમ સાથે આપે તેવી મદદ કરાશે.

ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકમાં અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, પ્રદેશ કિસાન મોરચાના મહામંત્રી


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલાની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
મો. ૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org



## અમરેલીનાં તત્કાલીન કલેક્ટર આયુષ ઓક સામે આશંકા

# રાજુલાના મોરંગી ગામે દલિતોને સાંથણીમાં મળેલ જમીન ખાલસા કરવામાં ભ્રષ્ટાચાર

### જિલ્લા કોંગી ઉપપ્રમુખે તપાસ કરવા માંગ કરી

અમરેલી, તા. ૧૩

જિલ્લા કોંગી ઉપપ્રમુખ અને દલિત અગ્રણી શાંતિલાલ રાણવાની યાદી જણાવે છે. રાજુલાનાં મોરંગી ગામે ૨૦૧૩મા ગામના ૪૯ દલિતોને સાંથણીનાં જમીન મળવેલ હતી. આ હુકમ સામે કલેકટરમાં રજૂઆત કરતા તત્કાલીન અમરેલી કલેકટર આયુષ ઓક દ્વારા ફળવેલ જમીન ૧૧૬-૧૯ એકર ગુંઠા/સનં. ૬૬/૨ ખાલસા કરતો હુકમ થયેલ. બાદ અમો દલિત સાથે હાઈકોર્ટમાં ગયા અને મનાઈ હુકમ મેળવેલ. હાઈકોર્ટ દ્વારા આ કેસ કલેકટર અમરેલીને રીમાઈન્ડ કરેલ હતો. ફરી કલેકટર આયુષ ઓકે ૪૯ પૈકી ૧૭ના નામે જમીન મંજુર કરી અને ૩૨ લોકોની જમીન



કોઈપણ કારણ વગર રદ કરી જે અંગેનો કેસ હાલ હાઈકોર્ટમાં પેન્ડીંગ છે. પરંતુ આ કેસમાં એક મોટા માથા આયુષ ઓક સાથે મીલીભગત કરીને ભ્રષ્ટાચાર કર્યો હતો. તેવી જોરશોરથી ચર્ચા થઈ હતી. જેમાં તે વખતે કલેકટર ઓફિસના નાયબ મામલતદાર, સામેલ હતા. આ અંગે અમોએ જિલ્લા તકેદારી સમિતિ પ્રશ્ન ઉભો કરીને રજૂઆત કરેલી ત્યારે કલેકટર આયુષ ઓકે પોતાની દલિત વિરોધી માનસિકતાનું દર્શન કરીને કેસ ચાલ્યા વગર 'હું' રદ કરવાનો છુ તેવી મને વાત કરી હતી. તેથી આ કેસમાં આ જમીન અંગેની તપાસ કરીને તમામ જવાબદારો સામે પગલા લેવા રાણવાએ વિનંતી કરેલી છે. મોરંગીના દલિત આગેવાન દિનેશભાઈ સરવૈયાનું જુબાની લેવામાં આવે તેવું પણ જણાવેલ છે.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




















અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ 11-12 કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100 % કોમર્સ
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા
વિદ્યાર્થી મિત્રો,, વાલી શ્રી..
શું ધોરણ 10 માં PR આપના સંતાન ને ઓછાં આવ્યાં છે ??
નબળા પરિણામ થી નિરાશ છો ??
ધોરણ 10 કરતા ધોરણ 12 કોમર્સ માં ઉચ્ચ PR લાવવા માંગો છો.??
નબળા વિદ્યાર્થી ઓનું સબળું પરિણામ લાવી આપવાની ખાત્રી આપતી કોમર્સ સ્કૂલ.
એક વાર અમારી અવશ્ય મુલાકાત લ્યો..


ધો.10 P.R. આધારીત સ્કોલરશીપ

| ધો. 10 P.R. | ફી માફી |
|---|---|
| A1 Grade | 100% |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા Free માંજ આપવામાં આવશે
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ:
→ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
→ ધોરણ 11/12 માં દરેક વિષયનું 900 માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો.. | નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬ | ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી

# મહુવા : ધર્મના માર્ગે ચાલનાર ભગત માટે જગત નથી : પ.પૂ. મહંતસ્વામી મહારાજ






તા. ૧૨.૬.૨૪ ના રોજ પ્રાતઃ પૂજા દર્શનનાં અંતે મહંતસ્વામી મહારાજે આશીર્વાદ આપતાં જણાવ્યું કે સમગ્રબ્રહ્માંડમાંજીવ પંચવિષયભોગવે છે, પરંતુ મનુષ્ય દેહની સાર્થકતા આત્યંતિકકલ્યાણનીછે, માટેસત્સંગકરી લેવોઅનેજેસત્સંગકરેછેએનામાટેજગત મિથ્યાછે. આમ કહી તેઓએ કહ્યું ‘ભગત માટે જગત નથી‘ આ વિચાર સાથે આસક્તિમાંથી મુક્તિ લઈએ તો કલ્યાણ પામી શકાય. ભાગ્ય બડે જહાં સંત પધારે. મહુવાની પાવન ભૂમિમાં સ્વઈચ્છાથી પધારેલા પરમ પૂજય મહંતસ્વામીમહારાજ મહુવાનાંભગતજી મહારાજ જન્મસ્થળ અને સ્મૃતિ મંદિરનાં દર્શન બાદ હાઈવે ઉપર આવેલા ગુલાબી પથ્થરોથી નકશીકૃત થયેલ શિખરબધ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણમંદિરમાં છેલ્લા આઠ દિવસથી હરિભક્તોના મનોરથ પૂરા કરી રહ્યા છે અને આજરોજ મહુવા, ઉના, રાજુલાનાં શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાંથીહજારોનીસંખ્યામાંઆવેલા ભક્તજનો/શહેર શ્રેષ્ઠીઓ, મહેમાનોતથા પત્રકારોનેસમીપદર્શનલાભઆપીકૃતાર્થ કર્યા હતા. મંદિર પરિસરમાં જ અદ્ભુત વ્યવસ્થાદ્વારાબહારગામથીઆવેલાદરેક હરિભક્તોને સ્વામીશ્રીનાં દર્શન કર્યાનો આનંદ અને ઉત્સાહ હતા. સૌ એક દર્શન ઝલક પામી પુલકિત થઈ ઊઠેલાં અને રૂબરૂ મળ્યા–તુલ્ય ઊર્મીઓ સંતુષ્ટ પામી હતી. સ્વામીશ્રીનાદર્શનઅર્થેઆવેલાદરેક ભાવિક ભક્તજનોના પ્રસાદની વ્યવસ્થા પણ મંદિરમાં જ કરવામાં આવેલી. તા.૧૪.૦૬.૨૪ ના રોજ પ. પૂ. મહંતસ્વામી મહારાજ મહુવાથી વિદાય લઈ રાજકોટ મુકામે જઈ રહ્યા છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનાકોઠારીસ્વામીએસમગ્રકાર્યક્રમ અંતર્ગત સાથ સહકાર આપનાર સૌનો આભાર પ્રગટ કર્યો હતો.

### ૧૮૫ લોકોએ તરીને જીવ બચાવ્યા

# કોંગોઃ નદીમાં બોટ પલટી જતાં ૮૦થી વધુ મુસાફરોના મોત

### અગાઉ ફેબ્રુઆરીમાં પણ આવો જ અકસ્માત થયો હતો, જ્યારે ઓવરલોડ બોટ ડૂબી જતાં ડઝનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા

નવી દિલ્હી, તા.૧૩

કોંગોમાં, આવા અકસ્માતો માટે વારંવાર ઓવરલોડિંગને જવાબદાર ગણવામાં આવે છે. અગાઉ ફેબ્રુઆરીમાં પણ આવો જ અકસ્માત થયો હતો, જ્યારે ઓવરલોડ બોટ ડૂબી જતાં ડઝનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. મધ્ય આફ્રિકામાં સ્થિત દેશ કોંગોની રાજધાની કિન્શાસા નજીક નદીમાં ૨૭૦ થી વધુ મુસાફરોને લઈ જતી બોટ પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૮૦થી વધુ લોકોના મોત થયા છે. દેશના રાષ્ટ્રપતિ ફેલિક્સ ત્શિસેકેદીએ બુધવારે આ માહિતી આપી હતી.ઓકાપીના જણાવ્યા અનુસાર, આ બોટ સેંકડો મુસાફરોને લઈને કિંશાસા જઈ રહી હતી. માર્ગમાં એન્જીન ફેલ થવાના કારણે આ અકસ્માત સર્જાયો હતો. મુશી જિલ્લામાં વોટર કમિશનર રેઈન મેકરે અકસ્માત અંગે માહિતી આપી હતી. રેઈન મેકરે જણાવ્યું હતું કે ૮૬ મુસાફરોના મોત થયા હતા, જ્યારે ૧૮૫ લોકો તરીને કિનારે પહોંચવામાં સફળ થયા હતા. તે મુસાશીના નજીકના શહેરથી લગભગ ૭૦ કિલોમીટર (૪૩ માઈલ) દૂર છે.કમિશનરે કહ્યું કે બોટ નદી કિનારે અથડાઈ અને તૂટી ગઈ. કોંગી સત્તાવાળાઓએ વારંવાર ઓવરલોડિંગ સામે ચેતવણી આપી છે અને જેઓ પાણીના પરિવહન માટે સલામતીનાં પગલાંનું ઉલ્લંઘન કરે છે તેમને સજા કરવાની હાકલ કરી છે. તમને જણાવી દઈએ કે દૂરના વિસ્તારોમાં જ્યાંથી મોટાભાગના પ્રવાસીઓ આવે છે, ત્યાં ઘણા લોકો ઉપલબ્ધ રસ્તાઓને કારણે જાહેર પરિવહન પરવડી શકતા નથી, તેથી તેઓ બોટનો વિકલ્પ પસંદ કરે છે.કોંગોમાં બોટ સંબંધિત અકસ્માતની આ પહેલી ઘટના નથી; અગાઉ પણ આવા અહેવાલો સામે આવ્યા છે. દેશમાં આવા અકસ્માતો માટે ઘણીવાર ઓવરલોડિંગને જવાબદાર ગણવામાં આવે છે. અગાઉ ફેબ્રુઆરીમાં પણ આવો જ અકસ્માત થયો હતો, જ્યારે ઓવરલોડ બોટ ડૂબી જતાં ડઝનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા.

### ૨૧ જૂને યોગ દિવસ કાર્યક્રમમાં ભાગ લેશે

# આતંકવાદી હુમલા વચ્ચે કાશ્મીર જશે પીએમ મોદી

### આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસને યોગ મહોત્સવ ૨૦૨૪ તરીકે ઉજવવામાં આવશે, જેની થીમ ’મહિલા સશક્તિકરણ માટે યોગ’ હશે

જમ્મુ, તા.૧૩

ત્રીજી વખત વડા પ્રધાન બન્યા પછી તેમની પ્રથમ સત્તાવાર યાત્રામાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૦ જૂને જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લેશે અને ૨૧ જૂને યોગ દિવસ કાર્યક્રમમાં ભાગ લેશે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસને યોગ મહોત્સવ ૨૦૨૪ તરીકે ઉજવવામાં આવશે, જેની થીમ ’મહિલા સશક્તિકરણ માટે યોગ’ હશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર વડાપ્રધાન ૨૦ જૂને કાશ્મીર પહોંચશે અને ત્યાં રાત રોકાશે અને બીજા દિવસે સવારે યોગ કાર્યક્રમમાં ભાગ લેશે. જો કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે અંતિમ સ્થળ હજુ નક્કી કરવામાં આવ્યું નથી, સૂત્રોએ જણાવ્યું છે કે આ કાર્યક્રમ શ્રીનગરના દાલ સરોવર અને ઝબરવાન હિલ્સ નજીક SKICCના સુંદર બેકયાર્ડમાં યોજવામાં આવે તેવી શક્યતા છે.

આ પહેલ કાશ્મીરને મુખ્ય પ્રવાસન સ્થળ તરીકે પ્રમોટ કરવા અને સ્થાનિક લોકો સાથે જોડાણ વધારવાની સરકારની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ છે. પીએમ મોદી રોજિંદા જીવનમાં યોગને સમર્થન આપી રહ્યા છે, જેણે વિશ્વભરના લાખો લોકોને એક કર્યા છે. યોગ મહોત્સવ ૨૦૨૪નો ઉદ્દેશ્ય યોગને એક વ્યાપક ચળવળમાં પરિવર્તિત કરવાનો છે, જેમાં મહિલાઓની સુખાકારીને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક સ્વાસ્થ્ય અને શાંતિને આગળ વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ પહેલનો ઉદ્દેશ્ય પુરાવા આધારિત સંશોધન દ્વારા મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો છે.

પીએમ મોદીની મુલાકાતને લઈને લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાના નેતૃત્વમાં જમ્મુ અને કાશ્મીર પ્રશાસનને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. તે જ સમયે, જમ્મુ અને કાશ્મીર સ્પોર્ટ્સ કાઉન્સિલને યોગ દિવસના કાર્યક્રમની વ્યવસ્થા પર દેખરેખ રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જમ્મુ અને કાશ્મીર સ્પોર્ટ્સ કાઉન્સિલે તેની વિવિધ સ્પોર્ટ્સ વિંગને મેગા ઈવેન્ટમાં ભાગ લેવા માટે ૩૦૦૦ ખેલાડીઓને એકત્ર કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ ઉપરાંત, વ્યાપક સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે સુરક્ષા ટીમો નિયમિતપણે SKICCની મુલાકાત લઈ રહી છે. ગયા વર્ષે, શ્રીનગરના બોટનિકલ ગાર્ડનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં એલજી મનોજ સિંહા અને જમ્મુ અને કાશ્મીરના અન્ય ઉચ્ચ અધિકારીઓએ હાજરી આપી હતી.

જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ અને સામાન્યતાને પ્રોત્સાહિત કરવા માટે સરકારના સતત પ્રયાસો પર પ્રકાશ પાડતા, વડાપ્રધાનની સહભાગિતા સાથે આ વર્ષે આ ઈવેન્ટ ઘણી મોટી થવાની અપેક્ષા છે.દર વર્ષે ૨૧ જૂનના રોજ, વિશ્વભરના લોકો યોગાસનના અસંખ્ય ફાયદાઓને પ્રોત્સાહન આપવા માટે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરે છે. આ દિવસ ગ્રીષ્મ સંક્રાંતિ સાથે મેળ ખાય છે, જે ઉત્તરીય ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ છે. આ દિવસનો ઉદ્દેશ્ય યોગથી આપણા સ્વાસ્થ્યને મળતા એકંદર ફાયદાઓ વિશે જાગૃતિ લાવવાનો છે.

### ગેનીબેન ઠાકોરે ભાજપને ચાબખા માર્યા

# રામના નામે રાજકારણ કરે તેને ક્યારેય સફળતા મળતી નથી : ગેનીબેન ઠાકોર

### આગામી છ મહિનામાં વાવ વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી આવશે લોકસભા ચૂંટણીમાં ભવ્ય જીત બાદ ગેનીબેન ઠાકોરનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો છે

ગાંધીનગર,તા.૧૩

ગુજરાતમાં ફાઈનલી દસ વર્ષની તપસ્યા બાદ કોંગ્રેસે લોકસભાની ચૂંટણીમાં ‘બનાસના બેન’ ગેનીબેન ઠાકોર થકી બનાસકાંઠામાં ખાતું ખોલવામા સફળતા મેળવી છે. ત્યારે હવે ગેનીબેને લોકસભા ચૂંટણીમાં જીત થતાં વિધાનસભામાંથી રાજીનામું આપી દીધું છે. તેના કારણે હવે ગુજરાત કોંગ્રેસનું વિધાનસભામાં સંખ્યાબળ ૧૨ પર પહોચશે. આગામી છ મહિનામાં વાવ વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી આવશે. લોકસભા ચૂંટણીમાં ભવ્ય જીત બાદ ગેનીબેન ઠાકોરનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો છે. જેમાં કોંગ્રેસ પાર્ટીના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. લોકસભા ચૂંટણી જીત્યા બાદ પહેલી વાર ગેનીબેન અમદાવાદ ખાતે આવેલા કોંગ્રેસ કાર્યાલયમાં પહોંચ્યા હતા. કોંગ્રેસ કાર્યાલયે પહોંચતા જ ગેનીબેનના નામના નારા લાગ્યા હતા. ગેનીબેન માટે સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારંભમાં ગેનીબેન ઠાકોરે કહ્યું હતું કે, હું ૧૮ વર્ષની ઉંમરે ૧૯૯૫માં ચૂંટણી લડી હતી. પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધીની ૯ ચૂંટણીઓ લડી છું. હું આજે જે કંઈ પણ છું તે કોંગ્રેસપાર્ટીને આધીન છું. મેં લોકસભામાં પ્રથવાર મત માગ્યા તો લોકોએ મને મત અને રૂપિયા બંને આપ્યા. મને બનાસની બેનનું બિરુદ બનાસકાંઠાની જનતાએ આપ્યું છે. કોંગ્રેસ પાર્ટીના દિગ્ગજ મહિલા નેતાએ વધુંમાં કહ્યું હતું કે, હાલની રાજનીતિમાં કોંગ્રેસ નેતાઓ માટે ત્રણ વિકલ્પો છે. વ્યક્તિગત સ્વાર્થ માટે પક્ષ છોડતા લોકોની જેમ સામે પક્ષમાં જતા રહેવું, અથવા રાજકારણ છોડી સામાજિક કામ કરવું કે ઘરે બેસી જવું, અથવા સંઘર્ષનો રસ્તો અપનાવી ભાજપ સામે લડવું, જેમાં આ ત્રીજો રસ્તો અમે અપનાવ્યો હતો. આ ચૂંટણીમાં બનાસકાંઠાનો એક પણ કાર્યકર રિસાયો નથી કે નારાજ નથી થયો. કોંગ્રેસના કાર્યકરોએ ખંતથી કામ કર્યું. આજે હું રાજીનામું આપવા ગઈ ત્યારે આનંદ થયો. મારુ રાજીનામું વ્યક્તિગત સ્વાર્થ કે વિશ્વાસઘાત માટે નહોતું. મેં રાજીનામું આપતા સમયે કોંગ્રેસ નેતાઓને કહ્યું કે, હું પાછી વિધાનસભામાં પરત ફરીશ. આ ઉપરાંત ભાજપના અહંકાર પર પ્રહારો કરતા ગેનીબેન ઠાકોરે કહ્યું હતું કે, ભાજપ એવું કહતું હતું કે, ઈકોમાં આવી જાય એટલા જ કોંગ્રેસના સભ્યો રહી જશે. જો કે, ભાજપનું અભિયાન આ વખતે તૂટ્યું છે. અયોધ્યા અને તેની આજુબાજુની કોઈ બેઠક ભાજપ જીતી શક્યું નથી. તેમણે કહ્યું હતું કે, રામના નામે રાજકારણ થાય તેને ક્યારેય સફળતા મળતી નથી. કોંગ્રેસ પાર્ટીનું ઋણ હું ક્યારેય ચૂકવી શકીશ નહીં. જ્યાં સુધી કોંગ્રેસની સરકાર ન આવે ત્યાં સુધી રાત્રે સરખી ઊંઘ નથી લેવાની. નેતા તરીકે મતદારોને ઠેસ પહોંચે તેવું એક પણ કામ ન થાય એવી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.

### મહિલાઓને ૫૦ હજાર રૂપિયાના કેશ વાઉચર

# ઓડિશાની માઝી સરકારની પ્રથમ કેબિનેટના નિર્ણયો

### મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ બુધવારે સાંજે રાજ્ય સચિવાલય લોક સેવા ભવનમાં તેમના મંત્રીઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરી હતી

નવી દિલ્હી, તા.૧૩

ઓડિશાની ભાજપ સરકાર શપથ લીધા બાદ એકશન મોડમાં જોવા મળી રહી છે. બુધવારે મુખ્યમંત્રી સહિત ૧૫ મંત્રીઓએ શપથ લીધા અને થોડા જ કલાકોમાં કેબિનેટની પ્રથમ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો કે પુરીના શ્રી જગન્નાથ મંદિરના ચારેય દરવાજા ગુરુવારે સવારે ફરીથી ખોલવામાં આવશે અને ૫૦૦ કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કરવામાં આવશે. આ ૧૨મી સદીના મંદિરની જાળવણી માટે સ્થાપિત કરવામાં આવશે. મંદિર સાથે સંબંધિત આ બંને પ્રસ્તાવોને ન માત્ર મંજૂર કરવામાં આવ્યા હતા, પરંતુ બુધવારે રાત્રે જ સીએમ પણ તેમના કેબિનેટ સાથે પુરી પહોંચ્યા હતા. ગુરુવારે સવારે તેમની હાજરીમાં મંદિરના ચારેય દરવાજા ખોલવામાં આવી રહ્યા છે.ભાજપે પોતાના ચૂંટણી ઢંઢેરામાં જગન્નાથ મંદિરના ચારેય દરવાજા ખોલવાનું વચન આપ્યું હતું. આ દરવાજા કોરોના સમયગાળાથી બંધ હતા, જેના કારણે ભક્તોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. હવે ભક્તો ચારેય દરવાજાથી પ્રવેશ મેળવી શકશે અને ભીડને નિયંત્રિત કરવામાં કોઈ મુશ્કેલી નહીં પડે.મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ બુધવારે સાંજે રાજ્ય સચિવાલય લોક સેવા ભવનમાં તેમના મંત્રીઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરી હતી. ત્યાર બાદ કેબિનેટ સંબંધિત નિર્ણયો વિશે માહિતી આપી. માઝી સરકારે ખેડૂતો અને મહિલાઓને લગતા નિર્ણયો પણ લીધા.સીએમએ કહ્યું કે, રાજ્ય સરકારે તમામ મંત્રીઓની હાજરીમાં સવારે પુરી જગન્નાથ મંદિરના ચારેય દરવાજા ફરીથી ખોલવાનો નિર્ણય લીધો છે. ચારેય દ્વારેથી ભક્તોને મંદિરમાં પ્રવેશ મળશે. તેમણે કહ્યું કે, ભાજપની ચૂંટણીની જાહેરાતમાં પણ તમામ મંદિરોના દરવાજા ખોલવાના વચનો આપવામાં આવ્યા હતા, જેના કારણે ભક્તોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# રાજકોટમાં ફાયર NOC લેવા કડકાઈ પણ નવા નિયમોથી મંજૂરીમાં ભારે મુશ્કેલી

રાજકોટ,તા.૧૩

રાજકોટમાં તારીખ ૨૫મી મેના રોજ બનેલા અગ્નિકાંડ બાદ ફાયર એન.ઓ.સી. અને બી.યુ. સર્ટિફિકેટને લઈને સઘન તપાસ કરવામાં આવી રહી છે. દરમિયાન ફાયર એન.ઓ.સી.નાં નવા નિયમો જાહેર કરાયા છે. લોકો ફાયર એનઓસી લેવા માગે છે પણ નવા નિયમો પ્રમાણે ભારે મુશ્કેલી પડી રહી છે. અગ્નિકાંડ પછી અત્યાર સુધીમાં નવા ફાયર એન.ઓ.સી. લેવા માટેની માત્ર ૧૬ અરજીઓ આવી છે. બીજી તરફ શહેરમાં નાની-મોટી આગ લાગવાના ૪૧ જેટલા કોલ ૨૫ મેથી અત્યાર સુધી ફાયર વિભાગને મળ્યા છે. જે પૈકી મોટાભાગના સ્થળે નિયમ મુજબ જરૂરી ફાયર એન.ઓ.સી. ન હોવાનું સામે આવતાં મ્યુનિ. તંત્ર દ્વારા તેમને પ્રાથમિક સાધનો વસાવવા સૂચના આપવામાં આવી છે. જો કે માર્કેટમાં ફાયર શમનના સાધનોની અછત હોવાની પણ બૂમ ઊઠી છે.મનપાના ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, દર વર્ષે આગનાં ૬૦૦થી ૭૦૦ કોલ ફાયર શાખાને મળે છે. ગતવર્ષે ૭૬૧ કોલ આવ્યા હતા. આ વર્ષે ૨૫ મે પછી ૪૧ કોલ આવ્યા છે, જેમાં કોઈ મોટી આગ લાગી ન હતી. તમામ સ્થળે ફાયર સેફ્ટીના સાધનોની પૂછપરછ કરવામાં આવી હતી. જ્યા આગ લાગી હતી તે સ્થળ એવા હતા કે, ફાયર સેફ્ટીના સાધનોના કાયદા મર્યાદાની બહાર હતા. આમ છતા અમારી ટીમોએ આ દરેક સ્થળે લોકોને આગ શમનના સાધનો વસાવવા અને તેને અપ ટુ ડેટ રાખવા માટે સૂચનાઓ આપી હતી.તેમણે જણાવ્યું હતું કે, રાજકોટમાં હાલ નવા નિયમો પ્રમાણે અમે મિલકતો ફાયર એન.ઓ.સી. ન મળે તો સીલ કરી રહ્યા છીએ. આમ છતા ૨૫ તારીખની દુર્ઘટના બાદ અમારી પાસે નવી ૧૬ અરજી જ આવી છે. ફાયર એન.ઓ.સી.ની અરજીઓ ઓછી આવવા પાછળનું કારણ સાધનો બજારમાં ઝડપથી નહિ મળતા હોવાનું જણાય છે. હાલમાં જે અરજીઓ અમારી પાસે આવી છે, તેમાં ઈન્સપેકશનની પ્રક્રિયા કરીશું અને બધું નિયમો પ્રમાણે હશે તો ફાયર એન.ઓ.સી. આપવામાં આવશે.

# સોમનાથના ત્રિવેણી સંગમ ખાતે રવિવારે ગંગા અવતરણપૂજા અને મહાઆરતી યોજાશે






આગામી ૧૬ જૂનના રોજ જેઠ શુકલાદશમી પર સોમનાથમાં ત્રિવેણીસંગમ ખાતે ગંગા દશેરા મહાપૂજા અને અભિષેક કરવામાંઆવનારછે.જેઠશુકલદશમીએટલે કે ગંગા દશેરાના પવિત્ર અવસર પર માતા ગંગાનું પૃથ્વી પર અવતરણ થયુ હોવાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. આ દિવસે ગંગામાતાના દર્શન અને આરતીનું અનેરૂ મહાત્મ્ય છે. આપણી સંસ્કૃતિ નદીઓને માતાનો દરજજો આપે છે. પ્રભાસ ક્ષેત્રમાં જયાં હિરણ, કપિલા અનેસરસ્વતીનદીઓનુંસમુદ્રસાથેસંગમથાય છે. જયા ભગવાન શ્રી કૃષ્ણએ પોતાના બાંધવાની મુકિત માટે તર્પણ કર્યુ હતુ. શાસ્ત્રોકતરીતેપરમપવિત્રત્રિવેણીસંગમ પર ૧૬ જૂનના રોજ ગંગા દશરાની ભકિતમય ઉજવણી કરવમાં આવશે. ત્રિવેણી સંગમ ખાતે ગંગામાતાની અવતરણ પૂજા કરવામાં આવશે.ગંગા અવતરણનું દ્રશ્ય સર્જન કરવા બાળાઓ દ્વારાશિવજીનીપ્રતિમાંપરગંગાલહેરીસ્તોત્ર સાથે સતત ગંગાજળ અભિષેક કરવામાં આવશે.નિર્મળ ગંગાજળ કળશમાંથી શિવજીની જટાઓ થકી પૃથ્વી પર પડે અને જલાધારીદ્વારાતેજળત્રિવેણીમાંસમાયતેવુ ઉતમઆયોજનસોમનાથટ્રસ્ટદ્વારાકરવામાં આવનાર છે. સાથે જ સંધ્યાકાળે ત્રિવેણી માતાનીમહાઆરતીકરવામાંઆવશે.જેમાં બહોળી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાય તેવુ શ્રી સોમનાથ ટ્રસ્ટનુંભાવિકોનેસહદય નિમંત્રણ છે. ભાવિકો એ આરતીમાં જોડાવા માટે ઘરેથી આરતી લઈને આવવા અનુરોધ છે.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૬૭ મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો



ચલાલા - અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ૨૬૭ મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ - ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જીલ્લા અધિકારી આયુર્વેદ દવાખાનું - સરસીયા તથા સરકારી હોમીયોપેથી દવાખાનું - સાવરકુંડલા ના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલ દિપપ્રાગટયથી થયો હતો આ પ્રસંગે સંસ્થાના ડાયરેકટર મહેશભાઈ મહેતા તથા ડોકટર દ્વારા દિપ પ્રગટય કરવામાં આવ્યું હતું. ભારત ભૂષણ મહેશભાઈ મહેતાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુકત રહેવું. સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી મળીને રહેવું. ઈશાન એન્ડ અનીકા રાયયુરા એન્ડ રાજા - ટોરન્ટો તેમના નાના/દાદા ભુપેન્દ્રભાઈ રાજાના ૭૦ માં જન્મદિવસની ઉજવણી નિમિતે - કેનેડા ના આર્થિક સહયોગથી રણછોડદાસ જી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગ થી આ નેત્રયજ્ઞમાં આંખ ના દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી જે પૈકી ૧૯ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી.દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી હતી. આયુર્વેદિક કેમ્પમાં ડો. હેતલબેન એ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. દીકરીઓ માટે હરિબા મહિલા આર્ટસ, કોમર્સ, બી.સી.એ. અને સ્પોર્ટસ કોલેજ ચાલુ છે જેનું પ્રવેશ કાર્ય શરૂ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ સેવા અને જાહેર સુખાકારી ક્ષેત્રે એવોર્ડ વિજેતા મંજુબા તથા શીતલબેન વગેરે ખુબ જહેમત ઉઠાવી હતી.

### દેશની સુરક્ષાની સાથે આત્મનિર્ભર ભારતનો ઉદ્દેશ્ય

## રાજનાથ સિંહે સંભાળ્યો રક્ષા મંત્રી તરીકેનો કાર્યભાર

નવી દિલ્હી, તા.૧૩

દેશની ૧૮મી સંસદની રચના બાદ રાજનાથ સિંહે ફરી એકવાર રક્ષા મંત્રીની જવાબદારી સંભાળી છે. તેમણે ગુરુવારે દિલ્હીમાં ચાર્જ સંભાળ્યો હતો. તેમને સતત બીજી વખત આ જવાબદારી સોંપવામાં આવી છે. ૨૦૧૪માં ગૃહમંત્રીની જવાબદારી સંભાળનાર રાજનાથ સિંહ ૨૦૧૯થી સંરક્ષણ મંત્રાલય સંભાળી રહ્યા છે.સતત બીજી વખત સંરક્ષણ મંત્રાલય મળવા પર તેમણે કહ્યું કે આગામી પાંચ વર્ષમાં તેમનો ઉદ્દેશ્ય દેશને સુરક્ષિત રાખવાનો અને આત્મનિર્ભર ભારતને આગળ વધારવાનો રહેશે. આ રીતે તેમણે દેશની અર્થવ્યવસ્થામાં યોગદાન આપવાનું પણ લક્ષ્ય રાખ્યું છે.

બીજી વખત રક્ષા મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ રાજનાથ સિંહે કહ્યું, "પીએમ મોદીએ મને ફરી એકવાર રક્ષા મંત્રાલયની જવાબદારી સોંપી છે. અમારી પ્રાથમિકતાઓ પહેલા જેવી જ રહેશે. સુરક્ષા પર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવશે. અમે એક મજબૂત આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરીશું અમે ડિફેન્સ મેન્યુફેક્ચરિંગમાં આત્મનિર્ભર બનવા માંગીએ છીએ. અમે ૨૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના શસ્ત્રો અને સંરક્ષણ સાધનોની નિકાસ કરી છે. અમારું લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં આ આંકડાને રૂ. ૫૦,૦૦૦ કરોડ સુધી લઈ જવાનો છે. અમને અમારી ત્રણ સેવાઓ પર ગર્વ છે: આર્મી, નેવી અને એરફોર્સ." રાજનાથ સિંહ ઉપરાંત ધર્મેન્દ્ર પ્રધાને પણ શિક્ષણ મંત્રીનો ચાર્જ સંભાળ્યો હતો. ન્નઈઈ પરીક્ષામાં કથિત હેરાફેરી અંગે તેમણે કહ્યું કે કોઈ કૌભાંડ થયું નથી. આ મામલો કોર્ટમાં છે અને તપાસ ચાલી રહી છે. હું તમામ બાળકો અને તેમના માતા-પિતાને ખાતરી આપવા માંગુ છું કે કોઈ અયોગ્ય રમત થઈ નથી. અમે કોર્ટનો આદેશ સ્વીકારીશું. ધર્મેન્દ્ર પ્રધાનની સાથે રાષ્ટ્રીય લોકદળના જયંત ચૌધરીને પણ શિત્રા મંત્રાલયમાં રાજ્યમંત્રીની જવાબદારી સોંપવામાં આવી છે. જોકે જયંત ચૌધરીનું કામ ધર્મેન્દ્ર પ્રધાનને મદદ કરવાનું રહેશે.

### ૧૫ લાખથી વધુની રકમ મળી આવી

## અમદાવાદમાંથી નકલી ચલણી નોટોના મોટા કૌભાંડનો પર્દાફાશ

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ શહેરમાંથી નકલી ચલણી નોટોના મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. અમદાવાદમાંથી ૧૫ લાખથી વધુની નકલી ચલણી નોટો મળી આવી છે. જુહાપુરાના રોયલ અકબર પાસેથી નકલી નોટો પકડાઈ હોવાની માહિતી સામે આવી રહી છે. ૧૫ લાખ ૩૦ હજારની કિંમતની નકલી ચલણી નોટો મળી આવી છે. ૫૦૦, ૨૦૦ અને ૧૦૦ના દરની નકલી નોટો મળીઆવતા ચાચર મચી છે. જણાવી દઈએ કે, આ મામલે ક્રૈંઢ ક્રાઈમે ૩ આરોપીઓની ધરપકડ કરી છે.મળતી માહિતી પ્રમાણે, જુહાપુરા૧૫ લાખથી વધુની નકલી ચલણી નોટો મળી આવી છે. જેમાં ક્રૈંઢ ક્રાઈમે સતીષકુમાર ઉર્ફે વિક્કી જીનવા, અનિલકુમાર ધોબી અને કાલુરામ મેઘવાલની ધરપકડ થઈ છે. આ ત્રણેય આરોપીઓ મધ્યપ્રદેશમાં મકાન ભાડે રાખી નકલી નોટો છાપતા હતા. લાખોની કિંમતની આ નકલી નોટો જુહાપુરાના મોઈન બાપુને આપવાના હતી એવું પ્રથમિક તપાસમાં સામે આવ્યું છે.આ મામલે ક્રૈંઢએ ગુનો નોંધીને આગળની વધુ તપાસ હાથ ધરી છે. ત્રણેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે ત્યારે પૂછપરછ દરમિયાન ઘણા નવા ખુલાસો થઈ શકે છે. મહત્વનું છે કે, થોડા સમય પહેલા જ સુરતમાંથી પણ આવું જ એક નકલી ચલણી નોટોનું મોટુ કૌભાંડ સામે આવ્યું હતું. શહેરનાં લિંબાયત વિસ્તારમાં એક ન્યુઝ ચેનલની આડમાં ફિરોજ શાહ પોતાના સાગરીતો સાથે મળીને નકલી નોટો છાપતો હતો. સુરત SOGએ બાતમીના આધારે ફિરોજ સહિત કુલ ૩ ઈસમોની ધરપકડ કરી હતી અને તેની પાસેથી નકલી નોટનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો.

પોલીસે આ નકલી નોટના પ્રકરણમાં ચાર આરોપીની ધરપકડ કરી હતી અને તેની પાસેથી ૧૨,૨૬,૯૦૦ની ચલણી નોટો જપ્ત કરવામાં આવી હતી.

### સુપ્રીમ કોર્ટે હિમાચલ સરકારને ફટકાર લગાવી

## હિમાચલ પ્રદેશની કોંગ્રેસની સરકારે દિલ્હી માટે પાણી છોડવાનો ઈનકાર કર્યો

### હિમાચલ પ્રદેશની કોંગ્રેસ સરકારે ગુરુવારે સુપ્રીમ કોર્ટને કહ્યું કે તેની પાસે વધારાનું પાણી નથી

નવી દિલ્હી, તા.૧૩

હિમાચલ પ્રદેશની કોંગ્રેસની સરકારે દિલ્હી માટે પાણી છોડવાનો ઈનકાર કરી દીધો છે. આમ હવે પાણી માટે તડપતા દિલ્હીના લોકો માટે ખરાબ સમાચાર છે. હિમાચલ પ્રદેશની કોંગ્રેસ સરકારે ગુરુવારે સુપ્રીમ કોર્ટને કહ્યું કે તેની પાસે વધારાનું પાણી નથી. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં હિમાચલ પ્રદેશને દિલ્હીને વધારાનું પાણી આપવાનો આદેશ આપ્યો હતો. આ પછી કોર્ટમાં આપેલા સોગંદનામામાં હિમાચલ સરકારે કહ્યું હતું કે ટૂંક સમયમાં પાણી છોડવામાં આવશે. પરંતુ હવે તેણે યુ-ટર્ન લીધો છે. સુખદેવ સુક્કુ સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું કે તેના સોગંદનામામાં કેટલીક ભૂલ હતી, જેને તે બદલવા માંગે છે. આ જવાબથી આશ્ચર્યચકિત થઈને સુપ્રીમ કોર્ટે પણ હિમાચલ પ્રદેશની સરકારને ફટકાર લગાવી.ગુરુવારે સુનાવણી દરમિયાન હિમાચલ પ્રદેશે દિલ્હી સરકારને કહ્યું કે તેની પાસે વધારાનું પાણી નથી. હિમાચલને દિલ્હી માટે ૧૩૭ ક્યુસેક પાણી છોડવાનું છે. આ માટે તેણે હાઈકોર્ટમાં સોગંદનામું પણ આપ્યું હતું. પરંતુ હવે હિમાચલે પાણી છોડવા પર પોતાની લાચારી વ્યક્ત કરી છે, તેણે કહ્યું કે તેના એફિડેવિટમાં કંઈક ખોટું છે, તે પોતાનો જવાબ બદલવા માંગે છે. આ અત્યંત સંવેદનશીલ મામલામાં ખોટો જવાબ આપવા બદલ સુપ્રીમ કોર્ટે હિમાચલ સરકારને ફટકાર લગાવી છે. સુપ્રીમ કોર્ટે હિમાચલ પ્રદેશને કહ્યું કે શા માટે અને કેવી રીતે ખૂબ જ સંવેદનશીલ મામલામાં કોર્ટમાં ખોટો જવાબ આપવામાં આવ્યો? હકીકતમાં હિમાચલ પ્રદેશે સુપ્રીમ કોર્ટને લેખિતમાં કહ્યું હતું કે અમે દિલ્હી માટે પાણી છોડ્યું છે, પરંતુ મૌખિક રીતે વકીલે કહ્યું કે રાજ્ય વધારાનું પાણી છોડવા માટે તૈયાર છે. પરંતુ આજે કોર્ટમાં હિમાચલ પ્રદેશના એડવોકેટ જનરલે સ્પષ્ટ કહ્યું કે રાજ્ય પાસે વધારાનું પાણી નથી. તેના પર નારાજગી વ્યક્ત કરતા કોર્ટે કહ્યું કે ૧૩૭ ક્યુસેક વધારાના પાણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આવી સંવેદનશીલ બાબતમાં આવો હળવો પ્રતિભાવ આપવામાં આવ્યો હતો. હવે શા માટે તમારા પર કોર્ટના તિરસ્કારનો ગુનો દાખલ ન કરવો જોઈએ? હિમાચલ સરકારે કોર્ટમાં માફી માંગી અને કહ્યું કે તે એફિડેવિટ દાખલ કરીને રેકોર્ડમાંથી પોતાનો જવાબ પાછો ખેંચી લેશે. હિમાચલ સરકાર વતી કહેવામાં આવ્યું છે કે અમારો ઈરાદો સાચો હતો, જો કે દાખલ કરવામાં આવેલા જવાબમાં કેટલીક ખામીઓ છે, તેને સુધારી લેવામાં આવશે અને કોર્ટ સમક્ષ રેકોર્ડ પર આપવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આ અપીલ સ્વીકારી લીધી છે.

### વડાપ્રધાને ગૃહમંત્રી અને રાજ્યાલ સાથે વાત કરી

## એક પણ આતંકવાદી છૂટવો ન જોઈએ, મોદીએ કાશ્મીર મુદ્દે કરી હાઈલેવલ મીટિંગ

### વડાપ્રધાન જમ્મુ-કાશ્મીરની સ્થિતિનો તાગ મેળવ્યો : વડાપ્રધાને NSA અજીત ડોભાલ અને અન્ય અધિકારીઓ સાથે હાઈલેવલની બેઠક યોજી

નવી દિલ્હી, તા.૧૩

જમ્મુ કાશ્મીરમાં છેલ્લા કેટલાક દિવસોમાં એક પછી એક આતંકી હુમલા બાદ પીએમ મોદીએ ખુદ મોર્ચો સંભાળી લીધો છે. તેમણે સુરક્ષા એજન્સીઓ સાથે વિવિધ પક્ષે આતંકવાદીઓ સામે પુરી ક્ષમતા સાથે મુકાબલો કરવાના સ્પષ્ટ નિર્દેશ આપી દીધા છે. પીએમ મોદીએ જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા સ્થિતિને લઈને ગુરુવારે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ પણ હાજર હતા. રિવ્યૂ મિટીંગમાં પીએમ મોદીને જમ્મુ કાશ્મીરમાં આતંકી હુમલા સાથે જ અત્યાર સુધીમાં લેવામાં આવેલા પગલા વિશે જાણકારી આપવામાં આવી હતી. પીએમ મોદીએ જમ્મુ કાશ્મીરની સુરક્ષા સ્થિતિ પર ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રશાસિત પ્રદેશના ઉપરાજ્યપાલ મનોજ સિન્હા સાથે પણ વાત કરી છે. વડાપ્રધાને કહ્યું છે કે, એક પણ આતંકવાદી છૂટવો ન જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે જમ્મુ કાશ્મીરની સ્થિતિની સમીક્ષા કરી હતી. પીએમ મોદીએ તેને લઈને હાઈ લેવલ મીટિંગની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે એનએસએ અજિત ડોભાલ પણ હાજર હતા. આ દરમ્યાન પીએમ મોદીએ આતંકી ઘટના સાથે આતંકવાદીઓ વિરુદ્ધ ચલાવામાં આવી રહેલા અભિયાન વિશે જાણકારી આપવામાં આવી હતી. તેમને અત્યાર સુધીના સમગ્ર ઘટનાક્રમથી અવગત કરાવ્યા હતા. ત્યાર બાદ પીએમ મોદીએ સિક્યોરિટી એજન્સીઝ અને અન્ય સ્ટેકહોલ્ડર્સને પણ પુરી ક્ષમતા સાથે આતંકવાદીઓને જવાબ આપવાના સ્પષ્ટ નિર્દેશ આપી દીધા છે. સાથે જ કહ્યું કે, આપણી પાસે જે પણ સંસંધાન છે, આતંકવાદીઓના નિવારણમાં દરેક વસ્તુનો ઉપયોગ કરો.પ્રધાનમંત્રી મોદીએ ખુદ ગૃહમંત્રી અમિત શાહ સાથે આ મુદ્દા પર વાત કરી છે. તેમણે હોમ મિનિસ્ટરને જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાદળોની તૈનાતી અને કાઉંટર ટેરરિઝ્મ ઓપરેશન વિશે ચર્ચા કરી છે. તેની સાથે જ પીએમ મોદીએ જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હા સાથે પણ વાત કરી છે. તેમને સિન્હાને જમ્મુ કાશ્મીરમાં હાલત વિશે જાણકારી લીધી. પીએમ મોદીને સ્થાનિક પ્રશાસન દ્વારા અત્યાર સુધીમાં ઉઠાવેલા પગલા વિશે સમગ્ર જાણકારી આપી છે. જમ્મુ કાશ્મીરમાં ૭૨ કલાકમાં ત્રણ આતંકી હુમલા થયા છે, જેમાં CRPFનો એક જવાન શહીદ થયો હતો, જ્યારે છ જવાનો ઘાયલ થયા હતા. જ્યારે કઠુઆમાં સૈન્ય ઓપરેશનમાં બે આતંકીઓ પણ ઠાર મરાયા હતા. હજુ બે દિવસ પહેલા જ વૈષ્ણોદેવીથી પરત ફરી રહેલી શ્રદ્ધાળુઓની બસ પર રિયાસીમાં કરાયેલા હુમલામાં ૧૦ લોકોએ જીવ ગુમાવ્યો હતો, એવામાં ત્રણ મોટા આતંકી હુમલાથી જમ્મુ કાશ્મીરમાં શાંતિ અને સુરક્ષાના દાવાની પોલ ખુલી હતી. સાથે જ સુરક્ષા એજન્સીઓ પર પણ સવાલો ઉઠવા લાગ્યા છે. કઠુઆના હીરાનગરમાં સૈદા સુખલ ગામમાં મંગળવારે સવારે આઠ વાગ્યે આતંકી હુમલો થયો હતો. આ ગામમાં આતંકીઓ લોકોના ઘરોમાં હથિયારો સાથે પહોંચ્યા હતા, જેને કારણે ગામના લોકોએ વિરોધ કરતા આતંકીઓએ તેમના પર ગોળીબાર કરી દીધો હતો જેમાં એક નાગરિક ઘાયલ થયો છે. જે બાદ સૈન્ય દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું જેમાં બે આતંકીઓ માર્યા ગયા હતા. જોકે આ ઓપરેશન દરમિયાન સીઆરપીએફનો એક જવાન કબીર દાસ શહીદ થઈ ગયો હતો. આતંકીઓ પાસેથી હથિયારો અને વિસ્ફોટક સામગ્રી જપ્ત કરાઈ છે. આતંકીઓ પાસેથી પાકિસ્તાનમાં બનેલી ચોકલેટ, રોટલી, દવાઓ, ઈંજેક્શન, ૧ સિરિંજ, એક એંટિના, હેન્ડ ગ્રેનેડ વગેરે જપ્ત કરાયા હતા. મોડી રાત સુધી બે સૈન્ય ઓપરેશન ચાલ્યા હતા. આ દરમિયાન આતંકીઓએ એક સૈન્ય પોસ્ટ પર હુમલો કર્યો હતો, જેમાં પાંચ જવાનો અને એક સ્પેશિયલ પોલીસ ઓફિસર એસપીઓ પણ ઘાયલ થયા હતા. રિયાસીમાં વૈષ્ણોદેવીથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની બસ પર હુમલામાં ૧૦ લોકોના મોતની ઘટનાના બે દિવસ બાદ આ હુમલા સામે આવ્યા છે. જમ્મુ ઝોનના એડિશનલ ડીજીપી આનંદ જૈને કહ્યું હતું કે દોડા વિસ્તારમાં મોડી રાત્રે પોલીસ જોઈન્ટ પાર્ટી અને સૈન્યના રાષ્ટ્રીય રાઈફલના કાફલા પર મોડી રાત્રે હુમલો થયો હતો. કઠુઆ હુમલામાં સામેલ બે આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા, એક આતંકી સ્થળ પર જ માર્યો ગયો હતો જ્યારે બીજો આતંકી જંગલમાં ભાગી ગયો હતો જેનો સવારે સફાયો કરાયો હતો. આતંકી પાસેથી અમેરિકી બનાવટની એમ૪ અસોલ્ટ રાઈફલ મળી આવી છે. ગામના લોકો પાસે આતંકીઓ પાણી માગી રહ્યા હતા જે દરમિયાન જ ગામના લોકોએ પોલીસને એલર્ટ કરી દીધી હતી. જેને કારણે આ બન્ને આતંકીઓને મારવામાં સફળતા મળી હતી. જોકે આ ઓપરેશન દરમિયાન એક જવાન શહીદ થયો છે અને અન્ય છ ઘાયલ થયા છે, જેમાં કેટલાકની સ્થિતિ ગંભીર છે. ઓપરેશન દરમિયાન એક આતંકીએ સાંબા રેંજના અધિકારીઓ ડીઆઈજી સુનિલ ગુપ્તા, કઠુઆના એસપી અનાયત અલી ચૌધરીના વાહન પર ગોળીબાર કર્યો હતો. આતંકીએ અનેક ગોળીઓ મારી હતી, જોકે અધિકારીઓ માંડ બચ્યા હતા. જે બાદ આ આતંકીને શોધીને તેને ઠાર મારવામાં આવ્યો હતો.

# ખાંભાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રકતદાન કેમ્પ યોજાયો



ખાંભા તાલુકા હેલ્થ ઓફિસરઅનેસામૂહિકઆરોગ્યકેન્દ્ર ખાંભા સહયુકત ઉપક્રમે ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દિપ પ્રાગટયકરીરકતદાનકેમ્પનોશુભારંભ કરવામાં આવ્યો હતો. અમરેલી શાંતાબામેડિકલકોલેજમાંથીરકતદાન માટે આખી ટીમ આવેલી હતી અને ૧૦૦થી વધારે રકતદાન મેળવવામાં આવશે તેમજ રકતદાનએ જીવનનું મહત્વપૂર્ણ ભાગ છે અને રકતની બોટલથીઓછામાંઓછા ત્રણલોકોનાં જીવ બચાવી શકાય છે અને સગર્ભા મહિલાને લોહીની બોટલ જરૂર હોય ત્યારે પણરકતદાનમહત્વપૂર્ણસાબિત થાય છે. રકતદાનએ મહાદાન છે. તેવા હેતુથી ખાંભાના રકત દાતાઓએ મોટી સંખ્યામાં રકતદાન કર્યુ હતુ. રકતદાતાઓને રકતદાન કર્યુ હોય એને પ્રમાણપત્ર તેમજ ગિફટ આપી દાતાઓને બિરદાવવામાં આવ્યા હતા. ત્યારે તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા ખાંભા તાલુકાના લોકોને રકતદાન કરવા અપીલ કરવામાં આવી હતી અને ખરેખર જે લોકોને લોહીની જરૂર છે. તેમને લોહી પહોંચાડી શકાય છે. આ કેમ્પને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર તેમજ તેમની ટીમ તેમજ ખાંભા સામુહિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ સહિત ઉપસ્થિત રહ્યા હતા અને રકતદાન કેમ્પને સફળ બનાવ્યો હતો.

# અમરેલી : શ્રીમતી એસ.એસ. ગજેરા હાઈસ્કૂલમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો













શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાલય સંચાલિત સ્કૂલ વિભાગનમાં આજરોજ શાળામાં પ્રવેશના પ્રથમ દિવસે બાળકો ખૂબ જ ઉત્સાહથી અને આનંદપૂર્વક શાળામાં વેકેશન પૂર્ણ કરી ઉપસ્થિત થતા ઉત્સવ જોવો માહોલ સર્જાયો હતો. શાળાએ બાળકનું બીજુ ઘર છે, પોતાના ઘર જેવુ પ્રસન્ન વાતાવરણ મળે અને શાળામાં શિક્ષણ, સંસ્કાર અને શિસ્તથી જીવનમાં પ્રગતિના સોપાન તસર કરે અને પરિવાર, શાળા અને રાષ્ટ્ર માટે ઉમદા કામ કરવાની પ્રેરણા મેળવવા તેમજ જ્ઞાન અને ગમ્મત સાથે નવા વર્ષમાં પ્રવેશ મેળવતા બાળકોને પ્રોત્સાહિત કરવા માટે શાળાના કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી સાહેબ અને શૈક્ષણિક તેમજ બિન–શૈક્ષણિક સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. આ તકે મંત્રી ચતુરભાઈ ખુંટ સાહેબ, ટ્રસ્ટ ખોડાભાઈ સાવલીયા, ટ્રસ્ટ ડાયાભાઈ ગજેરા ઉપસ્થિત રહ્યાં હતા. શાળાનાં પ્રથમ દિવસે જ વિશાળ સંખ્યમાં વાલીઓ અને ધોરણ ૦૧ થી ૧૨ સુધીના ૨૦૦૦ જેટલા બાળકો આ પ્રવેશોત્સવમાં હાજર રહ્યા હતા. શાળામાં બોળકોને ખૂબ જ રસપૂર્વક આજથી અભ્યાસ શરૂ કરે તેવુ વાતાવરણ મળે, ભાર વગરનું ભણતર અને રમત–રમતા શિક્ષણ સાથે આધુનિક ટેકનોલોજીથી શિક્ષણ હળવુ ફૂલ થાય તેવુ જ્ઞાન પીરસવામાં આવે છે. જેથી બાળક હસતુ–રમતુ પ્રગતિનાં પંથે આગળ વધતુ રહે, બાળકોનો ઉત્સાહ વધારવા માટે ઢોલ–શરણાઈનાં સંગે નના ભૂલકાઓ માટે ડોરેમોન, છોટાભીમ, મોટુ–પતલુ અને મિકી માઉસ જેવા વેશભૂષામાં બાળકોને આનંદ અને ઉલ્લાસ સાથે પ્રવેશ કરાવવા સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ. પ્રવેશોત્વસમાં શિક્ષકો દ્વારા સમગ્ર બિલ્ડીંને શણગારવામાં આવી હતી. બાળકોને કુમકુમ તિલક કરી શ્રીફળ સાકરનો પ્રસાદ લઈને મા સરસ્વતીને નમસ્કાર કરી, દીપ પ્રજવલિત કરી વિદ્યાર્થીઓને વર્ગખંડમાં પ્રવેશ કરતા તેમના ચેહરા પર શાળામાં હાજર થયા તેનો આનંદ અને સંતોષ જોવા મળતો હતો. આ સુંદર શાળામાં પ્રવેશોત્સવ યોજવ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ સમગ્ર શિક્ષકગણ, આચાર્યશ્રીઓ અને વિદ્યાર્થીઓને ખૂબ–ખૂબ અભિવંદન પાઠવ્યા હતા. શાળા દ્વારા વિશેષ કાર્યક્રમો જીવંત વાતારણમાં યોજીને બાળકોમાં શિક્ષણ પ્રત્યે રૂચિ ઉભી કરવા બદલ શુભેચ્છા પાઠવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાંથી રાજકોટ

આગેવાનો પણ મહાનગરોમાં વસવાટ કરતાં હોય તેઓ વતનની સેવામાં ઉણા ઉતરી રહ્યા છે.

રાજયને પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતારૂપે ભેટ આપનાર અમરેલી જિલ્લામાં એકવીસમી સદીમાં પણ મહાકાય ઉદ્યોગોનું સ્થાપન થયું નથી, માળખાકીય સુવિધાઓ જોવા મળતી નથી, ખેતી અને હીરા ઉદ્યોગમાં અનેક સમસ્યાઓ જોવા મળી રહી હોય આશાસ્પદ અને તેજસ્વી યુવાનો માટે અમરેલી જિલ્લામાં તેમની શકિતનો ઉપયોગ થઈ શકતો ન હોવાથી મોટી સંખ્યામાં યુવાનો મહાનગરો તરફ દોડ લગાવી રહ્યા છે અને વર્તમાન પરિસ્થિતિ નિહાળીને ડો. જીવરાજ મહેતાનાં આત્માને પણ ચિંતા થતી હશે.

અમરેલી જિલ્લાનાં તમામ પક્ષનાં રાજકીય આગેવાનો અને મહાનગરોમાં સ્થાયી થઈને સુખી–સંપન્ન થયેલ જિલ્લાનાં તમામ સમાજનાં આગેવાનો આગામી ૧૦ વર્ષમાં જિલ્લાનો સર્વાંગી વિકાસ કરવાનાં ધ્યેય સાથે એક અને નેક બનીને કાર્ય કરે તો જ સ્થળાંતર અટકશે નહી તો આગામી ૨૦થી ૩૦ વર્ષમાં અમરેલી જિલ્લાનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ જશે.

પાના ૧ ઉપરનું ચાલું

## બગસરામાં પાલિકાની બેદરકારીનાં લીધે

સમયથી ગટરના પાણી જાણે રોડ ઉપર ફુવારો છૂટતો હોય તેવી રીતે બહાર આવી રહ્યું છે. આ દુગઁધયુકત પાણી બહાર આવતા પાલિકા દ્વારા સફાઈ કરવાની તો દૂર પણ બગસરાની ગંગા જેવી પવિત્ર ગણાતી સાતલડી નદીમાં ઠાલવવાનું કામ ચાલુ કરેલ છે. ત્યારે આ પાણી એટલું વાસ મારતું હોય છે જે પાણીને નદીમાં ઠાલવવાથી નદીનું પાણી પણ દુર્ગંધયુકત થઈ ગયું છે. જયારે આ નદીના પેલે પાર રહેતા લોકોને બેઠા પુલ પરથી પસાર થવું પણ જાણે માથાના દુ:ખાવા સમાન થય ગયુ છે જેના લીધે લોકો દ્વારા અનેક વખત પાલિકાને જાણ કરવામાં આવી છે પરંતુ પાલિકાના સત્તાધીશો તો બસ જાણે બગસરાની જનતાની કંઈ પડી ના હોય તેવું લાગી રહયું છે. તો આવા દૂષિત પાણી નદીમાં ઠાલવવાથી અનેક પ્રકારના રોગચાળા ની પણ વકી સર્જાય રહેલ છે. આવા માથું ફાડી નાખી તેવી વાસ મારતા પાણી નદીમાં જમા થવાથી મચ્છરજન્ય રોગો પણ વધુ પડતાં થઈ સકે તેમ છે. તો આ ગટરના પાણીને યોગ્ય રીતે સફાઈ કરીને ગટરનું પાણી ગટરમાં રહે તે રીતે પાલિકા દ્વારા ચોક્કસ પગલાં લે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં મોટા આંકડીયા ગામે

બાબતે બોલાચાલી કરી ગાળો આપી ત્યાંથી જતો રહેલ. બાદમાં આ પાંચેય આરોપીઓએ સમાન ઈરાદો પાર પડવા ગેરકાયદે મંડળી રચી એક સાથે ભેગા મળી ખેતરે આવી ખેડૂતને ઢીકાપાટુથી માર મારી તથા છુટો પથ્થરનો ઘા મારી કપાળના ભાગે મુંઢ ઈજા કરી તથા જમણા હાથની આંગળી ઉપર છોલાણ કરી, ગાળો આપી, જીવતો નહી રહેવા દઈએ તેમ કહી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### પાલિકાનાં શાસકોએ સમસ્યા દૂર કરવી જોઈએ

# અમરેલીનાં ગાયત્રી મોક્ષધામ નજીક ભૂગર્ભ ગટરનો ખાડો યમદૂત બનીને ઉભો છે

### કોઈ અકસ્માતની ઘટના બને તે પહેલા રીપેરીંગ કરો

અમરેલી, તા. ૧૩

અમરેલીનાં ગાયત્રી મોક્ષધામ નજીક આવેલ નુરી ગેરજની સામે ગટરનો મસમોટો ખાડો ખુલ્લો હોય કોઈ બાળક અકસ્માતે તેમાં પડશે અથવા તો કોઈ વાહન ટકરાશે તો મોટી દુર્ઘટનાની સંભાવના જોવા મળી રહી છે.

સ્થાનિકોએ અવારનવાર પાલિકાનાં શાસકો સમક્ષ રજૂઆત કરી છતાં પણ કોઈ રીતે સમસ્યાનું સમાધાન થતું ન હોય જો દિન–૩માં સમસ્યાનું નિરાકરણ ન થાય તો ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવશે તેમ પિન્ટુભાઈ સીતાપરાએ જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાની શાળાઓમાં

સહયોગ કરવો પડશે. ખાસ કરીને અંગ્રેજી માધ્યમની શાળાઓએ અમુક સ્ટેશનરીમાંથી જ પુસ્તકો ખરીદવાનો દુરાગ્રહ છોડવો પડશે અને નફાખોરી જેવા દુષણને શિક્ષણ જેવા પવિત્ર કાર્યમાંથી દૂર કરવું પડશે.

**બાબરા**

બાબરામાં વેકેશન પૂર્ણ થતાં શહેરમાં આવેલ સરકારી તેમજ ખાનગી શાળાઓ ફરી ધમધમી ઉઠી હતી. શાળાઓ બાળકોના અવાજથી ગુંજી ઉઠી હતી.

બાબરામાં આવેલ સરકારી તાલુકા કુમાર શાળા, કન્યાશાળા, ગેલાણી વિદ્યાલય, પંચશીલ વિદ્યાલય, વિવેકાનંદ વિદ્યાલય, કમળશી હાઈસ્કૂલ, કે.પી. આશરા ગર્લ્સ સ્કૂલ સહિતની શાળાઓ ૩૫ દિવસનું વેકેશન પૂર્ણ થતાં શાળાઓ રાબેતા મુજબ શરૂ થઈ હતી. સવારથી વાલીઓ પોતાના બાળકોને શાળાએ મુકવા આવી રહ્યા હતા તેમજ શાળામાંથી બસમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક આવી રહ્યા હતા.

અહીં શાળામાં પ્રથમ દિવસે તાલુકા કુમાર પ્રાથમિક શાળામાં આચાર્ય દક્ષાબેન સરવાળીયા તેમજ શિક્ષક વિપુલભાઈ ત્રિવેદી સહિતના શિક્ષકો દ્વારા બાળકોને કુમકુમ તિલક કરી મોં મીઠા કરાવી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. શહેરની લગભગ શાળામાં ખુલતા વેકેશનના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી.

### નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરૂ છું કે, મારા લગ્ન પછી હું **ભાલાળા પ્રિયંકા પ્રકાશભાઈ** મારૂ નવું નામ બદલાવેલ છે. મારૂ જુનુ નામ **કાપડીયા પ્રિયંકાબેન કાંતિલાલ** માંથી મારૂ નવું નામ ભાલાળા પ્રિયંકા પ્રકાશભાઈ કરેલ છે. જેથી હવે પછીથી હું મારા નવા નામથી ઓળખાઈશ.

**લી. ભાલાળા પ્રિયંકા પ્રકાશભાઈ**
નવી લાતી બજાર, જસવંતગઢ, ૩૬૫૬૨૦

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં તત્કાલીન કલેકટર

હોવાથી સસ્પેન્ડ કરી દેવાની ફરિયાદ કરેલી હતી. જેમાં વડી કચેરી ધ્વારા તપાસનો ધમધમાટ પણ થયેલ હતો. પરંતુ પછી શરતભંગનાં રીમાન્ડ કેસને ચલાવીને સાવરકુંડલાની ફ્રેન્ડઝ સોસાયટીને પ્રીમીયમ વસુલવા હુકમ કરેલ જે મુજબ અંદાજીત ૫ કરોડની રકમ થાય છે. આથી સરકારને ફાયદો બતાવવા સાથે દબાણોને પણ તેની સાથે ગણાવી દઈને ઉપલી કક્ષાએથી ભીનું સંકેલી લીધેલ હતું. જે દબાણોને આજદિન સુધી દૂર કરવામાં આવેલ નથી.

હવે સુરત જિલ્લાની ગેરરીતિ અંગે કાર્યવાહી થતા આ ઉલ્લેખિત મેટરો સહિત તેમના સમગ્ર કાર્યકાળ દરમિયાન અન્ય કોઈ ગેરરીતિઓ તો થયેલ નથીને તેની પણ ઉંડાણથી તપાસ થવાની શકયતા છે. તેમજ આવી મેટરના અરજદારો પણ રજૂઆત કરીને ન્યાય મેળવવા પ્રયાસ કરશે. ઉપરોકત શરતભંગ કેસમાં પણ આ સોસાયટીની જમીન પરત લેવાને બદલે માત્ર દંડ કરેલ હોવાથી હાઈકોર્ટમાં પેન્ડીંગ તે કેસમાં આયુષ ઓકની ગેરરીતિને ડો. મહેતા ધ્વારા રજૂ કરવામાં આવનાર છે.

## અવસાન નોંધ

**અમરેલી : ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મ સમાજ મરણ :** સ્વ.વસંતરાય રેવાશંકર રાવળ (ઉ.વ.૮૬) તે શારદાબેન વસંતરાયના પતિ તથા માયાબેન રાજેન્દ્રકુમાર દવે જુનાગઢ, અલ્પાબેન નીતિનકુમાર જોશી અમેરિકા તથા વિરલભાઈ વસંતરાય રાવળના પિતાશ્રી, જાનવી તથા નંદનના દાદા તથા ડોકટર વી.પી. રાવળ તેમજ ભરતભાઈ રાવળના કાકાશ્રી નું તારીખ ૧૨/ ૬/૨૪ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તારીખ ૧૪/૬/૨૪ ને શુક્રવારના રોજ સાંજે સંઘવી ધર્મશાળા, સ્ટેશન રોડ, અમરેલી ખાતે ૪ થી ૬ રાખેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૨ | ૧૪૦૬ |
| ૨ | ચણા | ૧૨૮૫ | ૧૨૮૫ |
| ૩ | જુવાર સફેદ | ૮૭૧ | ૯૦૧ |
| ૪ | એરંડા | ૧૦૫૮ | ૧૦૫૮ |
| ૫ | મગફળી | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ૬ | તલસફેદ | ૨૨૭૫ | ૨૪૩૬ |
| ૭ | ધાણા | ૯૬૦ | ૯૬૦ |
| ૮ | મકાઈ | ૪૫૧ | ૪૫૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૯૨ | ૧૧૯૭ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૮૩ |
| ૩ | શિંગદાણા | ૧૫૫૦ | ૧૬૫૬ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૫૦ | ૧૫૮૨ |
| ૫ | તલ સફેદ | ૧૮૦૦ | ૩૦૦૦ |
| ૬ | તલ કાળા | ૨૨૮૦ | ૩૨૭૯ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૮ | બાજરો | ૪૧૦ | ૪૧૦ |
| ૯ | જુવાર | ૪૦૩ | ૮૪૧ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૭૦ | ૫૮૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૧ | ૫૬૬ |
| ૧૨ | મગ | ૧૨૦૦ | ૧૬૩૮ |
| ૧૩ | અડદ | ૧૭૯૫ | ૧૮૫૦ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૩૧૭ |
| ૧૫ | ચણા દેશી | ૧૨૯૨ | ૧૨૭૨ |
| ૧૬ | તુવેર | ૧૮૪૦ | ૨૨૪૦ |
| ૧૭ | કપાસ | ૯૫૭ | ૧૪૭૬ |
| ૧૮ | એરંડા | ૯૪૬ | ૧૧૦૦ |
| ૧૯ | જીરૂ | ૨૦૦૦ | ૫૩૧૦ |
| ૨૦ | ઈસબગુલ | ૨૪૭૫ | ૨૪૭૫ |
| ૨૧ | ધાણા | ૭૪૦ | ૧૪૨૦ |
| ૨૨ | મેથી | ૧૦૬૬ | ૧૧૨૧ |
| ૨૩ | સોયાબીન | ૭૫૮ | ૮૮૬ |
| ૨૪ | રજકાનું બી | ૪૨૨૦ | ૪૨૨૦ |
| ૨૫ | વરીયાળી | ૧૩૧૦ | ૧૩૧૦ |
| ૨૬ | કાંગ | ૭૧૫ | ૯૪૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૬૩ | ૧૫૦૩ |
| ૨ | મગફળી | ૧૦૬૨ | ૧૧૯૮ |
| ૩ | તલ સફેદ | ૨૪૩૦ | ૨૬૦૦ |
| ૪ | ચણા | ૧૧૭૩ | ૧૩૦૭ |
| ૫ | ઘઉં | ૪૮૫ | ૫૪૫ |
| ૬ | જીરૂ | ૪૬૩૦ | ૫૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૮૦ | ૧૧૯૦ |
| ૨ | શીંગ મોટી | ૯૦૦ | ૧૧૮૧ |
| ૩ | શીંગ નવી | ૧૦૬૫ | ૧૩૨૧ |
| ૪ | શીગદાણા | ૧૫૦૦ | ૧૭૫૦ |
| ૫ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૭૨૦ |
| ૬ | તલ કાળા | ૨૯૦૦ | ૩૧૩૦ |
| ૭ | જીરૂ | ૫૧૦૦ | ૫૪૯૧ |
| ૮ | કપાસ | ૧૩૫૧ | ૧૪૫૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૩૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૬૦ |
| ૧૧ | બાજરો | ૪૦૦ | ૫૨૫ |
| ૧૨ | જુવાર | ૪૩૫ | ૮૮૮ |
| ૧૩ | મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| ૧૪ | મગ | ૧૫૦૦ | ૧૭૯૫ |
| ૧૫ | અડદ | ૧૭૦૦ | ૧૮૪૧ |
| ૧૬ | ચણા | ૧૧૫૦ | ૧૩૦૫ |
| ૧૭ | એરંડી | ૧૦૦૦ | ૧૦૬૩ |
| ૧૮ | તુવેર | ૧૮૦૦ | ૨૨૦૦ |
| ૧૯ | મેથી | ૯૦૦ | ૧૦૬૦ |
| ૨૦ | ધાણા | ૧૦૦૫ | ૧૨૪૬ |
| ૨૧ | સોયાબીન | ૮૦૦ | ૮૫૬ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૧૦ |
| ૨ | ચણા | ૧૨૪૫ | ૧૩૦૦ |
| ૩ | ધાણા | ૧૦૧૦ | ૧૨૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૩ | ૪૮૩ |
| ૬ | ડુગળી | ૩૩૫ | ૩૩૫ |
| ૭ | રજકાબી | ૧૫૪૦ | ૧૫૪૦ |
| ૮ | તલસફેદ | ૧૭૪૫ | ૨૪૫૧ |
| ૯ | શીગફાડા | ૧૪૦૦ | ૧૪૭૦ |
| ૧૦ | સોયાબીન | ૬૨૫ | ૮૫૩ |
| ૧૧ | મગ | ૧૨૦૦ | ૧૬૨૫ |
| ૧૨ | મેથી | ૭૦૦ | ૧૦૩૫ |
| ૧૩ | મગફળી | ૮૦૦ | ૧૦૪૬ |
| ૧૪ | તુવેર | ૧૫૦૦ | ૧૯૧૫ |
| ૧૫ | તલ કાળા | ૧૭૨૦ | ૨૩૦૦ |
| ૧૬ | જુવાર | ૭૦૦ | ૭૯૦ |
| ૧૭ | બાજરો | ૩૫૧ | ૩૮૧ |
| ૧૮ | ચણાસફેદ | ૧૦૬૦ | ૧૨૯૫ |
| ૧૯ | અડદ | ૧૭૯૦ | ૧૭૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૫૮૦ |
| ૩ | તલ કાળા | ૨૬૭૦ | ૨૭૨૫ |
| ૪ | તલ પીળા | ૨૮૫૦ | ૨૮૫૦ |
| ૫ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૬ | બાજરો | ૪૧૫ | ૪૯૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૮ |
| ૮ | જુવાર | ૪૪૧ | ૮૭૬ |
| ૯ | મકાઈ | ૪૨૫ | ૫૧૬ |
| ૧૦ | મગ | ૧૫૨૫ | ૧૬૧૯ |
| ૧૧ | મેથી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૨ | તુવેર | ૧૭૦૦ | ૨૦૦૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૨૯૦ |
| ૧૪ | જીરૂ | ૩૫૦૦ | ૪૨૦૦ |
| ૧૫ | એરંડી | ૮૩૬ | ૧૦૪૬ |
| ૧૬ | ચોળી | ૧૩૩૩ | ૧૩૩૩ |
| ૧૭ | રાય | ૮૨૫ | ૮૨૫ |
| ૧૮ | સોયાબીન | ૮૫૧ | ૮૫૧ |

# રાજુલા ખાતે ઈફ્કો ચેરમેન દિલીપ સંઘાણીનું સન્માન થયુ








રાજુલાનાં અગ્રણી ઉદ્યોગપતિ અને સહકારી અગ્રણી મનુભાઈ ધાખડા દ્વારા સહકારી સંવાદનાં માધ્યમથીમાં પુનઃ એક વખત ઈફકોના ચેરમેનપદે ચૂંટાયેલા અમરેલી જિલ્લાનાં સહકારી નેતા દિલીપભાઈ સંઘાણીનો સન્માન સમારોહ તારીખ ૧૨ જૂન ૨૦૨૪નાં રોજ રાજુલાની લોડ લાયન હોટેલનાં પટાંગણમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં પોતાનું પ્રતિભાવ આપતાં દિલીપભાઈએ કહ્યું કે, આપણે ગામડાંના પુનઢત્થાન માટે અને ગામડાંના વિકાસ માટે કંઈક કરવું જોઈએ. રાજુલાની આ પવિત્ર ધરતી ઉપરથી સમગ્ર અમરેલી જિલ્લાનાં ગામડાંઓને જીવંત કરવા માટે આપણે કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદની રચના કરી રહ્યાં છીએ.આ પરિષદઅને સંગઠનએ સંપૂર્ણ બિન રાજકીય હશે. જ્ઞાતિ,જાતિ,ધર્મ,ભાષા,પ્રદેશના ભેદભાવ વગર કોઈપણ વ્યક્તિ આ કાર્યક્રમોમાં જોડાઈ શકશે. આપણે સૌ સાથે મળીને સમગ્ર જિલ્લાનાં વિકાસના રસ્તાઓ ખુલ્લા કરીએ તેવી એક ઈચ્છા છે. અને તેથી આજે આપણે આ પરિષદને રાજુલાથી કાર્યરત કરી રહ્યાં છીએ. મનુભાઈ ધાખડા અને સંજયભાઈ ધાખડા દ્વારા આયોજિત આ સમારોહમાં ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકીએ દિલીપભાઈ માટે પોતાનો અહોભાવ વ્યક્ત કરીને છેલ્લા ત્રણ દસકાથી જિલ્લાનાં રાજકીય ઘટના ક્રમમાં સતત સાથ આપ્યો છે. તેનો પુનરોચ્ચાર કર્યો હતો. જિલ્લાનાં સહકારી અગ્રણીઓ તથા રાજુલા આસપાસનાં આગેવાનો આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. જિલ્લા સહકારી સંઘના પ્રમુખ મનીષભાઈ સંઘાણી તથા મંગળુભાઈ ખુમાણ, ડો કાનાબાર, હિરેનભાઈ હિરપરા વગેરે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

સાંજની ગોધુંલી ટાણે યોજાયેલો. આ ભવ્ય સમારોહ રાજુલાના બૌદ્ધિક અને અગ્ગણ્ય લોકોથી સભર હતો.

### પ્રાંત અધિકારીની અધ્યક્ષામાં

## અમરેલી વિવિધ કાર્યો અંગે ટાસ્ક ફોર્સની કમિટીની બેઠક યોજાઈ

### વાહક જન્ય રોગ રસીકરણ કાર્યક્રમ સહિતની બાબતોની ચર્ચા

અમરેલી, તા. ૧૩

પ્રાંત અધિકારી અધ્યક્ષતામાં અમરેલી તાલુકા શાખા અધિકારીની આગામી પોલીયો રાઉન્ડ, વાહક જન્ય તેમજ પાણી જન્ય રોગચાળા રસીકરણ કાર્યક્રમ ફેમીલી પ્લાનીંગ કાર્યક્રમ ની ટ્રાસ્ક ફોર્સ કમીટી ની તાલુકા કક્ષાની મીટીગ મળેલ માત્ર પ્રાંત અધિકારી એમ.જે. નાકીયા, તથા મામલતદાર તથા,ચીફ ઓફીસર, ટીડીઓ, તથા તમામ અધિકારી, તાલુકાના સી.એચ.સી. ચિતલ/પ્રા.આ.કે./અર્બનના મેડીકલ ઓફીસર, શીક્ષણ અધિકારી, શાસનાધિકારી, આઈસીડીએસ અધિકારી ની હાજરીમાં ડો.રાજીવકુમાર સિંહા, તાલુકા હેલ્થ ઓફીસર તાલુકા દવારા તાલુકા ટ્રાસ્ક ફોર્સ કે તાલુકામાં તમામ કાર્યક્રમોમાં આગામી તાઃ-૨૩-૦૬-૨૪ ને રવીવાર ના રોજ પોલીયો રાઉન્ડ હોય જેમાં૦ થી ૫ વર્ષ તમામ બાળકો ને પોલીયો વિરોધી રસી પીવડાવવામાં આવશે અને એક પણ બાળક આ રસી થી વંચીત ન રહે અને પુરતો સાથ અને સહકાર આપવા જણાવવા માં આવેલ



ચાલુ વર્ષે વાહક જન્ય રોગો જેવા કે મેલેરીયા, ડેન્ગ્યુ,ચીકનગુનીયા તથા પાણી જન્ય રોગો જેવા કે ઝાડા, ઉલ્ટી તમામ રોગચાળાની ચર્ચા કરવામાં આવેલ હતી નમોશ્રી યોજના, વેરી હાઈરીકસ મધર યોજના, ટી.બી. રોગ અંતગર્ત ચર્ચા કરવામાંઆવેલ રસીકરણ માતા તથા બાળ ક વેકસીનેશનમાં એકપણ માતા કે બાળક વંચીત ન રહે તેવી સુચના આપવામાં આવેલ, હાલમાં ચાલી રહેલ વસ્તી પખવાડીયા વિશે કાયમી નસબંધી અને બીન કાયમી પપ્રધતી નો લોકો વધુમાં વધુ લાભ લે અને કેમ્પો યોજાય તેવી સુચના આપવામાં આવેલ આરોગ્ય વિશે સવિશષ માહીતીગાર કરી અધિકારીનો આભાર માની મીટીંગ પુર્ણ કરવામાં આવેલ.

### વલ્લવિદ્યાનગર ખાતે યોજાયેલ સ્પર્ધા

## અમરેલીની ગાવકડા પ્રાથમિક શાળાનાં શિક્ષિકાને લાંબી કૂદમાં ગોલ્ડ મેડલ

### ૭મી ઓલ ઈન્ડિયા નેશનલ ગેમ્સ સંપન્ન થઈ



અમરેલી, તા. ૧૩

૭મી ઓલ ઈન્ડિયા માસ્ટર્સ એથેલેટીક્સ નેશનલ ગેમ્સ ૨૦૨૪નું આયોજન વલ્લભ વિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે તારીખ ૭/૬/૨૪ અને ૮/૬/૨૪ દરમ્યાન થયેલ હતું. જેમાં ગાવડકા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા નૂતનબેન.ડી. માલવિયાએ લાંબી કુદમાં ગોલ્ડ મેડલ તથા ત્રીપલ જંપમાં પણ ગોલ્ડ મેડલ હાંસલ કરી ઓલ ઈન્ડિયામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. ફરી એક વખત ગાવડકા પ્રાથમિક શાળા તેમજ શિક્ષણ વિભાગનું તેમજ અમરેલી જિલ્લાનું નામ રોશન કરી ગૌરવ વધારેલ છે. નુતનબેન. ડી. માલવીયાએ અત્યાર સુધીમાં રાષ્ટ્રીય સ્તરે ૧૦થી વધારે ગોલ્ડ, ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ મેળવી અમરેલી જિલ્લામાં અનોખી કારકિર્દી સ્થાપિત કરેલ છે.

### મહેસાણા ખાતે યોજાયેલ સ્પર્ધામાં અગ્રેસર

## અમરેલીનાં ગજેરા સ્પોર્ટસ સંકુલનો ખેલ મહાકુંભમાં જૂડો સ્પર્ધામાં દબદબો

### ખેલાડીઓએ ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા

અમરેલી, તા. ૧૩

અમરેલી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં અભ્યાસ કરતા અને જુડો રમતમાં ખેલ મહાકુંભ ૨.૦ રાજય કક્ષા ચેમ્પિયનશીપનું આયોજન, મહેસાણા ખાતે કરવામાં આવેલ હતું. જેમાં એસ.એચ.ગજેરા ડી.એલ.એસ.એસ. જુડોના આ ખેલાડીઓએ (૧) વાણિયા નિર્મલ - ગોલ્ડ મેડલ (૨) નંદવાણા રવિરાજ - ગોલ્ડ મેડલ (૩) રાદડીયા પલ - ગોલ્ડ મેડલ (૪) મકવાણા હાર્દિક - સિલ્વર (૫) પેથાણી કાવ્યા-બ્રોન્ઝ મેડલ (૬) ધાંધલ વિધી - બ્રોન્ઝ મેડલ (૭) ડોડીયા નિખીલ - બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી અમરેલી જીલ્લા અને શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ હતું.

નોંધનીય છે કે પ્રાથમિક - માધ્યમિક અને ઉ.માં શાળાના



વિદ્યાર્થીઓને સ્પોર્ટસ ક્ષેત્રે અનેરી સિધ્ધીઓ પ્રાપ્ત થાય તે માટે શાળા -સંસ્થા મેનેજમેન્ટ દ્વારા તમામ રમતો માટે પ્રોત્સાહન આપી બાળકોને શ્રેષ્ઠ પ્લેટફોર્મ પુરું પાડવામાં આવી રહ્યું છે.

આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનીસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, જુડો કોચ, ટ્રેનર અને ડી.એલ.એસ.એસ. સ્ટાફ તેમજ શાળાના આચાર્યઓ અને સ્ટાફગણે તમામ વિદ્યાર્થીઓને હદયપૂર્વક અભિનંદન પાઠવી તેમની સિધ્ધિને બિરદાવી હતી અને ભવિષ્યમાં હજું સારૂં પ્રદર્શન ગુજરાત રાજય અને ભારત દેશનું પ્રતિનિધિત્વ કરે અને ગૌરવ વધારે તે માટે પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવેલ હતું.

# ચલાલા : મહાદેવપરા વિસ્તારમાં રામજી મંદિર અને શિવાલયનું શાસ્ત્રોક્ત વિધિથી ભૂમિ પૂજન થયું







અંશાવતાર દાન મહારાજની દિવ્ય અને ભવ્ય પાવન તપોભૂમીમાં અંશાવતાર દાન મહારાજનાં જયારથી ચલાલા મુકામે પધાર્યા ત્યાંરથી આજ દિવસ સુધી જયાં સેવા સત્સંગ સંપ અને સમર્પણ ની ઉદાર ભાવના થી અનેકવિધ સેવાકાર્યમાં હરહંમેશ મોખરે રહેનાર ચલાલાનાં હાર્દ સમા મહાદેવપરા વિસ્તારમાં અબોલ અને કરૂણાનાં પ્રતિક સમાન પક્ષીઓનાં કાયમી સદાવ્રત સમાન અપ્રયતન ચબુતરો પીવાનાં શિતળ જળ તથા અનેક પક્ષીઓ કાયમી વસવાટ કરી શકે તેવું પક્ષી ઘર તેમજ અનેક અશક્ અને બિનવારસી પશુઓને કાયમી ઘાસચારો તથા અબોલ પશુઓને પીવા માટે કાયમી શુધ્ધ પાણીનાં અવેડાઓ સહિત તેટલું જ નહી પરંતુ મહાદેવ પરા વિસ્તાર માંથી અનેક યાત્રાધામ તથા મોટાં શહેરોને જોડતો સ્ટેટ હાઈવે પસાર થતો હોય ત્યારે હજારો રાહદારીઓ તથા યાત્રાધામોમાં પગપાળા જતાં પદયાત્રીઓ માટે શિતળ જળની કાયમી વ્યવસ્થા માટે વોટરકૂલર તથા પથીકોને વિસામો ખાવાં વિશ્રામ ઘર સમાન વિશાળ સેઈડ બનાવી. જેમાં બજરંગદાસ બાપાનું તૈલી ચિત્ર પ્રસ્થાપિત કરી બાપાની મઢ ુલી જેવું ઉપનામ આપ્યું તેટલું જ નહી મૃત્યુલોકનાં દરેક માનવીઓનો છેલ્લો વિસામો અને અવ્વલ મંજીલ એટલે સ્મશાનગૃહ કહેવાય ત્યારે ચલાલા શહેરનાં દરેક સમાજનાં દરેક માનવીઓને ગમે ત્યારે જેની જરૂરિયાત ઉભી થાય સ્મશાન ગૃહને અપ્રયતન અને સગવડતા સભર સ્મશાનગૃહ બનાવવા સ્મશાનમાં અપ્રયતન સ્નાનાગાર પાણી વ્યવસ્થા માટે રીંગદાર સબમર્સિંલ પંપ તથા સ્મશાન ગૃહમાં દેવોનાં દેવ મહાદેવનું અપ્રયયન શિવાલય તથા ભગવાન શિવજીની મૂર્તી પ્રસ્થાપિત કરવા સહિત મહાદેવ પરા વિસ્તારમાં અપ્રયતન કલાત્મક ગેઈટ સહિત નાં અનેક વિધ પાવન પરમાર્થના સેવાકાર્ય કરવામાં હરહંમેશ તત્પર રહેનાર મહાદેવ સમસ્ત મહાદેપરા વિસ્તારનાં દરેક સમાજનાં યુવાનો વડિલો ભાઈઓ બહેનો એક સંપ બની પક્ષાપક્ષી જ્ઞાતિ જાતી કે અમિર ગરીબનાં ભેદભાવ ભૂલી હોળી ધૂળેટી રામનવમી શિવરાત્રી જન્માષ્ટમી જેવાં તહેવારોની બહું જ ધામધૂમથી ઉજવણી કરનાર મહાદેવ પરા વિસ્તારમાં કોઈપણ સમાજનાં ગરીબ સામાન્ય કે મધ્યમ વર્ગનાં માનવીઓ ઉપર કોઈ પણ આફત કે મુસિબતો આવે કે કોઈ પણ સારાં નરસાં પ્રસંગો પાર પાડવા કોઈ આર્થિક સામાજિક કે વ્યવહારીક મુશ્કેલી આવે ત્યારે સમસ્ત મહાદેવ પરા વિસ્તારનાં લોકો તેને તન મન ધન થી મદદ કરી તેની વિટંબણા દૂર કરવા હરહંમેશ કટિબદ્ધ રહેનાર સમસ્ત મહાદેવ પરા વિસ્તારનાં નિઃસ્વાર્થ સેવાકાર્ય એ આજનાં ભૌતિક આધુનિક અને હળ ાહળ કપરાં સમયમાં એક અનોખી મિસાલ છે. ત્યારે આ અંશાવતાર દાનમહારાજની પાવન તપોભૂમી ચલાલા અને તેમાંયજેની બિલકુલ અલગ તાસીર અને જેનાં જન જનમાં સેવાકાર્ય સંપ અને સમર્પણ ઠાંસી ઠાંસીને ભર્યા છે તેવાં મહાદેવપરા માં જન્મેલા ઉછરેલા રમેલા અને મહાદેવપરા ની ખમિરાત અને અમિરાત વાળી માટી ખુંદીને મોટા થયેલા અનેક મહાદેવ પરાવાસીઓ આજે પોતાના વ્યવસાય અર્થે દેશ વિદેશમાં સ્થિત થઈ વેપાર ધંધા ઉધ્યોગ અને રોજગાર ક્ષેત્રે મોટી નામનાં કમાઈ જેનું નામ મોટાં મોટાં ધનપતિઓમાં સમાવેશ થાય છે અને જેઓ આજે દુનિયાની ફલક ઉપર પોતાની નામનાં કમાઈ આસમાનની ઉંચાઈ પર ઉડી રહ્યાં હોવાં છતાં આવાં અડિખમ મોટા ગજાના માનવીઓ દેશ વિદેશમાં વસતા હોય અને આસમાનની ઉંચાઈ પર ઉડતાં હોવાં છતાં અને અતિવૈભવશાળ ી જીવન જીવતાં હોવાં છતાં જાણે આજે હર એક પળ અને પોતાના જીવનની ક્ષણેક્ષણ અને હરહંમેશ પોતાનાં માદરે વતનની માટી સાથે જોડાયેલા હોય તેવાં દરેક શ્રેષ્ઠીઓ અને મહાદેવ પરાનાં મિઠુડા માનવીઓ આજે દેશ વિદેશમાં વસતાં હોવા છતાં હરહંમેશ પોતાના વતનના કોઈ પણ સુખ દુઃખનાં પ્રસંગમાં સહભાગી બની અને કોઈ પણ માનવીઓને કે કોઈ પણ પરિવારને વિપરીત પરિસ્થિતિ આવે કે કોઈ આપત્તિ કે આફત આવી છે, તેવાં સામાન્ય વાવડ એટલે સમાચાર મળે ત્યારે પોતાનાં વતનથી હજારો કિલોમીટર દૂર દેશ પરદેશમાં હોવાં છતાં પણ પોતાના વતનમાં કે કોઈ પણ વ્યક્તિ કે તેનાં પરિવારને આફત કે મુશ્કેલીનાં કપરાં સમયે આધાર અને આપબળ આપનાર વતનના રતન સમાન ધનપતિઓ આજે પોતાના માદરે વતન મહાદેવ પરામાં વસનારા માનવીઓનાં કોઈ પણ માનવ સેવાનાં સદકાર્ય કે પાવન પરમાર્થ નાં કે ધાર્મિક કાર્ય કરવાનો સંકલ્પ કરે કે પરંતુ આવાં દેશ વિદેશ માં વસતા મોટા ગજાના તથા મોટાં મનનાં દાનવીરો કર્ણની ભૂમિકા ભજવવા કટિબદ્ધ બની પોતાનાં સામર્થ્ય મુજબ વતનમાં થતાં સદકાર્ય માટે પોતાના ખજાનાં ખલ્લા મૂકી ઉદાર હાથે સખાવત આપી પોતાનાં વતનનું ૠણ ચૂકવવમાં ક્યારેય પણ પાછી પાની કરતાં નથી. તેથી જ ઘણાં પાવન પરમાર્થનાં કાર્ય કરવા શક્ય બન્યાં છે. તેનાં ઉતમ ઉદાહરણ કે ચલાલા મહાદેવપરા વિસ્તારમાં બિરાજમાન રાઘવેન્દ્ર સરકાર તથા ભગવાન ભોળાનાથનું મંદિર એટલે ચોરો અતિજર્જરિત હાલતમાં હતો ત્યારે આ મંદિર અધ્યતન કલાત્મક અને નયનરમ્ય બનાવવાની સમસ્ત મહાદેવપરાનાં દરેક ધર્મપ્રેમીઓડએ સંકલ્પ કર્યો છે જેની જાણ દેશ વિદેશમાં વસતા દાતાશ્રીઓને કરતાં આવડાં મોટાં સંકલ્પને સિપ્રધ્ધ કરવાં જરૂરી તમામ પ્રકારની આર્થિક મદદ કરી પોતના વતનમાં દિવ્ય અને ભવ્ય રામજી મંદિર તથા શિવાલય બનાવવા ભામાશાની ભૂમિકા ભજવનાર વતનનાં રતન સમાન દાતાશ્રીઓનાં સંપૂર્ણ યોગદાન સહિત સમસ્ત મહાદેવપરાનાં ધર્મપ્રેમીઓનાં સંપૂર્ણ સહકારથી મહાદેવપરા વિસ્તારમાં નિર્માણ પામનાર અધ્યતન રામજી મંદિર તથા શિવાલયનાં નવ નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરી શુભારંભ કરેલ ત્યારે આ તકે સમસ્ત મહાદેવ પરા વિસ્તારનાં દરેક ધર્મપ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને શાસ્ત્રોક્ત વિધિથી અને ધર્મમય માહોલમાં ખાતમુહૂર્ત સમારોહ સંપન્ન થયો હતો ત્યારે ચલાલા મહાદેવપરા વિસ્તારનું વાતાવરણ પુલકિત અને ધર્મમય દિવ્ય અને ભવ્ય રામમય બન્યું હતું. **(સંકલન અશોકસિંહ તલાટીયાચલાલા)**




## રોજગારી અને શિક્ષણ મેળવવા માટે યુવાનોની મહાનગરો તરફની દોડ પર રોક જરૂરી

# અમરેલી જિલ્લામાંથી રાજકોટ, અમદાવાદ, સુરત તરફનું સ્થળાંતર અટકાવો

**ભૌગોલિક સ્થાન અને રાજકીય આગેવાનોની ઈચ્છાશક્તિનાં અભાવે જિલ્લો વિકાસથી વંચિત રહી ગયો**

**ઉચ્ચકક્ષાનું શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી, ઉત્તમ આરોગ્ય સેવા અને રોજગારી માટે જિલ્લાભરમાંથી વ્યાપક સ્થળાંતર થઈ રહ્યું છે**

**અમરેલીથી મહાનગરો તરફ દોડતી એસ.ટી. અને ખાનગી બસ ભરચક્ક જોવા મળી રહી છે**

**ખેતી અને હીરા ઉદ્યોગ દિનપ્રતિદિન મંદીમાં સપડાતો હોય વેપાર-ધંધાને વ્યાપક અસર જોવા મળી રહી છે**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તાર, તાલુકાવિસ્તાર અને જિલ્લાનાં મુખ્યમથક અમરેલીમાંથી મોટી સંખ્યામાં નવયુવાનો શિક્ષણ, રોજગારી અર્થે રાજકોટ, અમદાવાદ, સુરત અને મુંબઈ સુધી સ્થાળંતર કરી રહ્યા છે. તો અનેક યુવાનો કેનેડા, ઓસ્ટ્રેલીયા, અમેરિકા સુધી પણ પહોંચી રહ્યા હોય નવયુવાનોની પાછળ અનેક પરિવારોનું પણ સ્થળાંતર મહાનગરો તરફ વ્યાપક પ્રમાણમાં થતું હોય જિલ્લાનાં યુવાનોને સ્થાનિક કક્ષાએ ઉત્તમ શિક્ષણ, રોજગારી, આરોગ્ય સુવિધા, સલામતી અને માળખાકીય સુવિધાઓ મળી રહે તે માટે રાજકીય અને સામાજિક આગેવાનોએ ગંભીરતાથી વિચારવું જરૂરી બન્યું છે.

અમરેલી જિલ્લામાંથી છેલ્લા ૬૦ વર્ષથી ક્રમશઃ સ્થળાંતર શરૂ થયું છે પરંતુ છેલ્લા એક દાયકામાં સ્થળાંતરનું પ્રમાણ વધી રહ્યું છે. કારણ કે રાજકીય આગેવાનો વિકાસની ગતિની સાથે જોડાઈ શકયા નથી અને મોટાભાગનાં રાજકીય અને સામાજિક

અનુસંધાન પાના ૬ ઉપર

## અમદાવાદ ખાતે યોજાયેલ ''પુસ્તકો રડે છે'' લેખ સ્પર્ધામાં તૃતિય સ્થાન

# ''અમરેલી એક્સપ્રેસ''માં દર રવિવારે ''સમજણ એજ નારાયણ'' આર્ટિકલ લખનાર યોગેશ ભટ્ટને પારિજાત એવોર્ડ એનાયત

**ગુજરાત સાહિત્યમાં નોખી ભાત પાડતા ગૌરવપ્રદ ''પારિજાત'' એવોર્ડ એનાયત**



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એક્સપ્રેસ''માં છેલ્લા ૧૦ વર્ષથી દર રવિવારે ''સમજણ એજ નારાયણ'' શિર્ષક હેઠળ પ્રસિધ્ધ થતાં આર્ટિકલનાં લેખક યોગેશ નટવરલાલ ભટ્ટને ગુજરાતી સાહિત્યમાં નોખી ભાત પાડતાં ગૌરવપ્રદ ''પારિજાત'' એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

અમદાવાદ ખાતે યોજાયેલ ''પુસ્તકો રહે છે'' લેખ સ્પર્ધામાં તેઓનાં આર્ટિકલને તૃતિય સ્થાન પ્રાપ્ત થતાં તાજેતરમાં માણેકલાલ પટેલ અને પી.સી. પટેલ, કિરણબેન શર્માને હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવતાં લેખક યોગેશ ભટ્ટને જિલ્લાભરનાં સાહિત્યકારો શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# મનોજ રૂપારેલ સંગ કૌશિક વેકરિયાની વિકાસકાર્યોને લઈને ચિંતન બેઠક યોજાઈ



અમરેલી જિલ્લાનાં સર્વાંગી વિકાસ માટે વર્ષોથી ઝઝુમતા ''અમરેલી એક્સપ્રેસ''નાં તંત્રી મનોજ રૂપારેલ સાથે આજે ''અમરેલી એક્સપ્રેસ'' કાર્યાલયમાં યુવા ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ એક કલાક સુધી જિલ્લાનાં સર્વાંગી વિકાસ કાર્યો માટે શું કરવું, કેવી રીતે કરવું વિગેરે બાબતોને લઈને ચિંતન બેઠક યોજાઈ હતી.

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# રાજુલાનાં અમુલી ગામે થયેલ હત્યા કેસનાં મુખ્ય આરોપીની અટકાયત



અમરેલી, તા. ૧૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે રાજુલા પોલીસ સ્ટેશનના અમુલી ગામની સીમમાં થયેલ ખુનના ગુનાના મુખ્ય આરોપી વિહાભાઈ મોહનભાઈ ભાલીયા (રહે. દુધેલી, તા. મહુવા) પોતાના મિત્રની હત્યા કરી, કાયદેસરની ધરપકડ ટાળવા માટે ફરાર થઈ ગયેલ હોય. ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે આરોપીને પકડી પાડી આગળની કાર્યવાહી થવા સારૂ રાજુલા પોલીસસ્ટેશનમાં સોંપી આપેલ છે.

## મુખ્યમંત્રીએ ખાસ ટીમની રચના કરી તપાસ કરાવવી જરૂરી

# અમરેલીનાં તત્કાલીન કલેકટર આયુષ ઓકનાં કાર્યકાળમાં થયેલ અનેક વિવાદાસ્પદ નિર્ણયોની તપાસ જરૂરી

**દિનપ્રતિદિન કોઈને કોઈ અરજદાર સામે આવી રહ્યા છે**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં કલેકટર તરીકે ફરજ બજાવી ચુકેલા આયુષ અઓકને તેમની સુરત જિલ્લાના કલેકટર તરીકેની ફરજ દરમિયાન સરકારી જમીનના ગોટાળામાં આર્થિક નુકસાન પહોંચાડવા બાબતે સસ્પેન્ડ કરવામાં આવેલ છે. તે સાથે આ અગાઉ અમરેલી જિલ્લા કલેકટર તરીકેની ફરજ દરમિયાન સાવરકુંડલાની ફ્રેન્ડઝ સોસાયટીના દબાણો અને શરતભંગ અંગે કાર્યવાહી કરવા ફરિયાદ કરનારા સાવરકુંડલાનાં આરટીઆઈ એકટીવીસ્ટ અને વ્હીસલબ્લોઅર ડો. આર.યુ. મહેતા દ્વારા પણ કાર્યવાહી ન કરીને વડી કચેરીને મનઘડત અહેવાલ રજૂ કરી દીધા બાબતે અને મહેસુલ વિભાગ (વિવાદ) અમદાવાદ દ્વારા ''સત્વરે શરતભંગ કેસને ચલાવવા'' હુકમ કરેલ હતો તેને ૧ વર્ષથી પણ વધુ સમય વીતાવી દીધો હોવાથી ફરજમાં બેદરકારી કરેલ

અનુસંધાન પાના ૬ ઉપર

## ખેતરનાં શેઢે પાળા બાબતે માથાકૂટ

# અમરેલીનાં મોટા આંકડીયા ગામે પાળો બનાવવા બાબતે બઘડાટી

અમરેલી, તા. ૧૩

અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે રહેતા ગીરીશભાઈ અરજણભાઈ સવસૈયા નામનાં ૩૫ વર્ષિય ખેડૂતના ખેતરના શેઢે તે જ ગામે રહેતા આરોપી મગનભાઈનો દિકરો, જીતુભાઈ બાધાભાઈ બાવીશી, વસંતભાઈ બાવીશી, મગનભાઈ બાવીશી તથા મગનભાઈનો ભાઈ માટીથી પાળો બાંધેલ હોય જે પાળો હટાવાનું ખેડૂતે આરોપીને કહેલ. જેથી ગત તા. ૧૦ના રોજ ખેડૂત પોતાની વાડીએ આટો મારાવા ગયેલ ત્યારે આરોપી યુવકની વાડીએ આવી પાળો બાંધવા

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)